દેશ ભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

દર માસની સુદ-૧ના દિવસે પ્રકાશિત થતું ઈ-સામાયિક

ભારત જનજાગૃતિ અભિયાન

પુસ્તક-૪

કારતક સુદ-૧

વિક્રમ સંવત ૨૦૭૭



ॐ યોગેશ્વરાય નમઃ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ

# શાશ્વત સંકલ્પ

શાશ્વત સંદેશના તમામ વાચકો, શુભેચ્છકો, માર્ગદર્શકો અને વિજ્ઞાપનદાતાઓને દિપાવલી અને નૂતન વર્ષના પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ.

દિપાવલી અને નૂતનવર્ષ એટલે વીતેલા વર્ષમાં કરેલી કામગીરીની સમીક્ષા કરવાનું અને નવા વર્ષ માટેનું નવલું આયોજન કરવાનું પર્વ છે. વિક્રમ સંવતના વીતેલા વર્ષમાં શાશ્વત સંદેશનો આરંભ થયો અને હવે શાશ્વત સંદેશ વિક્રમ સંવતના નૂતન વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. શાશ્વત સંદેશ શરુ કરવા પાછળનો ઉદ્દશ્ય, તેની પૂર્તિ માટે કરેલી કામગીરી અને હજુ પણ શું શું કરી શકાય છે તેનું ચિંતન અમે પણ કર્યું છે અને વીતેલા વર્ષના અનુભવોમાંથી શીખ લઈને નૂતન વર્ષમાં અમારા ઉદ્દેશોની પૂર્તિ કરવા માટે મંગલમય આયોજન પણ કર્યું છે. ઈશ્વરકૃપાથી એ મનોરથો પૂર્ણ થાય તેવી પરમ કૃપાળુ મા ભગવતીના શ્રી ચરણોમાં પ્રાર્થના કરું છું.

**શાશ્વત સંદેશનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિ, સનાતન ધર્મ, દેશભક્તિ અને અધ્યાત્મ વિષયક સાહિત્યના માધ્યમથી લોકો સુધી આપણી સંસ્કૃતિનો સનાતન અને શાશ્વત સંદેશ પહોંચાડવાનો છે, ભારતીય સંસ્કૃતિની સેવાનો છે, લોકોમાં દેશભક્તિની ભાવના જગાડવાનો છે અને શક્ય તેટલા ઓછામાં ઓછા દરે લોકોને આ કળિયુગના સર્વોત્તમ માધ્યમની મદદથી સારુ અને શિષ્ટ સાહિત્ય પૂરું પાડવાનો છે અને તેમનામાં ભારતીય સંસ્કારોનું સિંચન કરવાનો અને સુષુપ્ત સંસ્કારોને જગાડવાનો પણ છે. માત્ર સામાયિક ચલાવવા માટે જ નહીં પણ ચોકક્સ ઉદ્દેશ સાથે અમે કાર્ય કરી રહ્યાં છીએ અને લોકોને બનતું ઉત્તમ આપવાનો નમ્ર પ્રયાસ છે.**

શાશ્વત સંદેશ આ નૂતન વર્ષથી વિશ્વ મંચે નવા રુપરંગ સાથે પધારી રહ્યું છે. સસ્તુ અને સારુ સાહિત્ય લોકોને સસ્તામાં સસ્તુ કેટલામાં આપી શકાય? એ અંગે ચિંતન કરતા જણાય છે કે આપણે તેમને કોઈપણ મૂલ્ય લીધા વગર અમૂલ્ય ભેટ તરીકે આપી શકીએ. તેથી **આ નૂતન વર્ષથી હવે શાશ્વત સંદેશ આજીવન માટે નિઃશુલ્ક પ્રાપ્ત કરી શકાશે**. આપને એ માટે ક્યારેય કોઈપણ રકમ ચૂકવવાની આવશ્યક્તા રહેશે નહીં. **આપ તેને વધુંને વધું લોકો સુધી પહોંચાડવામાં મદદ કરીને તેનું મૂલ્ય ચૂકવી શકો છો.** આમ છતાં કોઈપણ કાર્યમાં મા ભગવતીના સરસ્વતી સ્વરુપની સાથે સાથે લક્ષ્મી અને શક્તિની પણ આવશ્યક્તા રહે જ છે અને તેથી જ અમે વિજ્ઞાપનનું ધોરણ સ્વીકાર્યું છે.

વર્ષોથી મારી દિલની ઝંખના હતી કે કલમની તાકાતથી સમાજમાં ધારીએ તેવા બદલાવો લાવી શકાય છે એટલે આપણે કલમનો સમાજના હિત માટે ઉપયોગ કરવો અને આ માટે એક સામાયિક શરુ કરવું જોઈએ. મુખ્ય સમસ્યા આર્થિક ખર્ચને પહોંચી વળવાની હતી અને તેના કારણે વર્ષો સુધી એ દિલની ઈચ્છા દબાયેલી જ રહી. હવે સમય બદલાયો છે અને આજના આ સમયમાં આ ઈન્ટરનેટ જ સૌથી શ્રેષ્ઠ માધ્યમ છે. એવી પણ ઈચ્છા હતી કે જે દેશમાં આપણે જન્મ લીધો તે માતૃભૂમિનું આ રીતે ઋણ ચૂકવીએ, સંસ્કૃતિની સેવા કરીએ. આપણને સમાજમાં એવા કેટલાએ દ્રશ્યો જોવા મળે છે કે જેને જોઈને આપણું મન પોકારી ઊઠે કે આ માટે આપણે કંઈક તો કરવું જ જોઈએ. આવા પ્રસંગો જ આપણા પ્રેરણાના ધામ બની જાય છે. મને નાનપણથી જ દેશ, સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે લગાવ છે. એ આ માધ્યમથી આ ભાવના ફળીભૂત થાય છે તેનો આનંદ છે. આપણે જ્યારે અન્ય લોકોને કોઈપણ વિષય પ્રત્યે જાણકારી આપીએ છીએ, જ્ઞાન આપીએ છીએ ત્યારે પ્રથમ તો આપણે પોતે જ તેને આત્મસાત કરીએ-એ આપણી જવાબદારી બની જાય છે. મહાત્મા ગાંધીજી પોતે ગોળ ખાતા હતા ત્યાં સુધી કોઈને પણ ગોળ ન ખાવાની સલાહ આપતા નહોતા. એટલે આપણું જીવન પણ એવું જ બનાવીએ જે આપણી સંસ્કૃતિનો શાશ્વત સંદેશ ધરનારું પાવનકારી બની જાય.

જીવન આ ઝળહળતુ એવું બનાવ, દશે દિશાની જ્યોત બની જાય,  
સુગંધિત સદ્ગુણોનો બાગ બની જાય, અમૃતકુંભનું મુખ ખૂલી જાય,  
સર્વના દુઃખડાં અહીં જ ખંડાય, હાશની પરબડી અહીં જ મંડાય,  
પ્રશ્નોનું પૂર્ણવિરામ મૂકાય, સર્વેશ્વરીના સુખધામ મળી જાય.  
**-પ.પૂ. ગુરુદેવ મા પ્રભુ**

આ શાશ્વત સંકલ્પની મા ભગવતી રક્ષા કરે અને આ માટેની યોગ્યતા બક્ષે તેવી પ્રાર્થના સાથે શાશ્વત સંદેશ સમાજ ભગવાનના ચરણે ધરી રહ્યાં છીએ.

હરિઃ ॐ

**-યોગેશ કવીશ્વર**

# શુભ દિપાવલી
# નૂતન વર્ષાભિનંદન





પ્રકાશન સ્થળ:
યોગેશ કવીશ્વર,
શાશ્વત સંદેશ પ્રકાશન કાર્યાલય,
મું. લાપાળિયા, તા.જિ. અમરેલી-
૩૬૫૬૦૧

દેશભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

સંપાદક:યોગેશ કવીશ્વર
વોટ્સએપ : ૯૭૨૬૭ ૪૪૩૭૬
ઈમેલ : admin@shashwatsandesh.com

વર્ષ-૨ અંક-૪ કારતક સુદ-૧ વિક્રમ સંવત ૨૦૭૭

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

www.shashwatsandesh.com

પ્રેરણાના પરબ

પ. પૂ. શ્રી યોગેશ્વરજી
પ. પૂ. શ્રી મા સર્વેશ્વરી
પ.પૂ. શ્રી મોટા

સહાયક સમિતિ
શ્રી વિપુલ સેન (મુંબઈ)
શ્રી સુયશ દ્વિવેદી (ભોપાલ)
શ્રી મહેન્દ્રભાઈ જોષી
શ્રી જીલુભાઈ વાળા
શ્રી ચિંતન ઠાકર
શ્રી નિરવ રાવલ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| મુખપૃષ્ઠ | -- | |
| શાશ્વત સંકલ્પ | સંપાદક | -- |
| તંત્રીપાનું | -- | ૦૧ |
| દીવો કરો રે દિલમાં દીવો કરો | પૂ.શ્રીયોગેશ્વરજી | ૦૩ |
| વિશ્વ બંધુત્વ | શ્રી વિપુલ સેન | ૦૬ |
| અહિંસા અને યુદ્ધ | સંપાદક | ૧૦ |
| ભારતીય પંચાંગ | સંપાદક | ૧૩ |
| ગાંધીજી વિષે સાચી સમજ | સંપાદક | ૧૫ |
| અહિંસા કાયરતા નથી | સંપાદક | ૧૭ |
| ભારતનું શાંતિનું પથદર્શન | સંપાદક | ૨૦ |
| ગાંધીજીનામાં ભાગવાનનો ભાવ | પૂ. શ્રી મોટા | ૨૩ |
| ગાંધીજી સમાજસેવક ક. સંત? | સંપાદક | ૨૬ |


## લવાજમ

મૂલ્ય:અમૂલ્ય

■ ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. શાશ્વત સંદેશ આજીવન નિ:શુલ્ક છે. તે મેળવવા માટે આપ અમારા ઈમેલ કે વોટ્સએપ પર આપના નામ વોટ્સએપ નંબર અથવા ઈમેલ સરનામા સાથે જાણ કરીને શાશ્વત સંદેશ મેળવી શકો છો.

■ શાશ્વત સંદેશ મેળવવા માટે આપને ક્યારેય કોઈપણ મૂલ્ય ચૂકવવાનું નથી પણ આપ અન્ય લોકો સુધી પણ તેને પહોચાડીને આ કાર્યમાં સહભાગી બની શકો છો.

■ તમામ પ્રકારનો પત્ર વ્યવહાર પ્રકાશન સ્થળના સરનામા પર કરવો.

વેબસાઈટ : www.shashwatsandesh.com
ઈમેઈલ : admin@shashwatsandesh.com
વોટ્સએપ : ૯૭૨૬૭ ૪૪૩૭૬

ટાઈપસેટિંગ:
પ્રણવ જોષી
મો.૮૩૨૦૬૦૬૪૧૫
સરનામું: નાગનાથ મંદિર પાસે, લાયબ્રેરી રોડ,
અમરેલી - ૩૬૫૬૦૧

## લેખકો માટે

■ શાશ્વત સંદેશ માટે તેની ભાવનાને અનુરુપ લેખો, ગીતો, કાવ્યો મોકલવા લેખકોને આમંત્રણ છે. યોગ્ય સાહિત્ય પ્રકાશિત કરવામાં આવશે.

■ લખાણ પોસ્ટ દ્વારા પ્રકાશનના સરનામા પર કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરોમાં લખીને અથવા ટાઈપ કરેલી પ્રિન્ટ કાઢીને મોકલી શકાય છે.

■ લેખ વગેરે ઈમેલ દ્વારા પણ મોકલી શકાય છે. સાથે લેખકનું પૂરું નામ અને સરનામું અવશ્ય લખવાં.



# શાશ્વત સંદેશ

## માસિકપત્રિકાને ખૂબ ખૂબ શુભકામનાઓ

ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસાર, લોકોમાં ભારતીય અને આધ્યાત્મિક સંસ્કારોના નિર્માણ, ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનની ભાવના સાથે પ્રકાશિત શાશ્વત સંદેશ માસિક હવે વધુંને વધું લોકો સુધી પહોચે એ માટે નિઃશુલ્ક ધોરણે આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ત્યારે સમગ્ર શાશ્વત સંદેશ ટીમને અંતરથી શુભકાનાઓ પાઠવું છું. દેશ અને ભારતીય સંસ્કૃતિ માટેના આપના આ ભગીરથ કાર્યમાં સફળતા ઈચ્છુ છું.



લી.

# નાથાલાલ સુખડીયા

**આરટીઆઈ એક્ટિવીસ્ટ, અમરેલી**





નૂતતન વર્ષ

-પ. પૂ. શ્રી યોગેશ્વરજી

# દીવો કરો રે દીવો કરો દિલમાં દીવો કરો



**વીતેલા વરસનો વિચાર કરીને, એની સફળતાઓનું સરવૈયું કાઢીને, એના ગુણદોષોનો હિસાબ કરીને, ક્ષતિઓને દૂર કરવાનો ને વિશેષતાઓને વધારવાનો, અશુભમાંથી મુક્તિ મેળવવાનો ને શુભને વધારેને વધારે પ્રમાણમાં સુદૃઢ કરવાનો સંકલ્પ કરીએ.**

યોગી ભર્તૃહરિએ પોતાના વૈરાગ્ય શતકમાં કહ્યું છેઃ

**યત્રાનેકઃ ક્વચિદપિ ગૃહે તત્ર તિષ્ટત્યથૈકો,**<br>
**યત્રાપ્યેકસ્તદનુ બહવસ્તત્ર ચાન્તે ન ચૈકઃ**<br>
**ઈત્યં ચેમે રજનિદિવસૌ દોલયનિ દ્વવિવાક્ષો,**<br>
**કાલઃ કાલ્યા ભુવન ફલકે ક્રીડતિ પ્રાણીશારૈઃ**

અર્થાત એક ઘરમાં અનેક માણસો હતાં ત્યાં એક જ દેખાય છે. જ્યાં એક માણસ હતો ત્યાં કેટલાય થયાં અને અંતે કોઈપણ બાકી ના રહ્યું. એવી રીતે રાત અને દિવસના બે પાસા ફેંકતો કાળ પ્રાણીઓરુપી સોગટીઓથી સંસારરુપી વિશાળ સનાતન ચોપાટ પર કાળ સાથે ક્રીડા કરે છે.

એ કાળનું એક વિશેષ ચક્ર પૂરું થયું. એના વિશાળ રંગમંચ પરના એક અનોખા અભિનયનો અંત આવ્યો. એનો એક અંક પૂરો થયો એની ઉપર કામચલાઉ પડદો પડી ગયો. એક વર્ષ - અલબત્ત

માનવીય ગણના પ્રમાણેનું એક વર્ષ - પૂરું થયું. નૂતનવર્ષ અથવા બેસતાવર્ષનું એ પર્વ યુગોથી ઊજવાઈ રહ્યું છે તો પણ પુરાણું નથી થયું, નીરસ નથી બન્યું અથવા ઓછું આકર્ષક નથી રહ્યું. આજે પણ એને એવા જ અવનવા આનંદપૂર્વક ઊજવવામાં આવે છે. રોજ મોડા ઊઠનારા માણસો આજના પવિત્ર પર્વ દિવસના મહાત્મ્યનું સ્મરણ કરીને શાસ્ત્રમર્યાદાનું પાલન કરતાં હોય તેમ બ્રહ્મમુહૂર્તમાં ઊઠી ગયાં હશે. સ્નાનાદિથી નિવૃત્ત થયાં હશે અથવા સાલમુબરક કહીને પ્રસન્ન થયાં હશે. નાના-મોટાને પગે લાગ્યાં હશે અથવા એમને પ્રણામ કરીને એમના શુભાશીર્વાદ મેળવીને ધન્ય બન્યાં હશે. નવા વસ્ત્રો પહેરવાનું, મિષ્ટાન્ન જમવાનું ને મિત્રો મુરબ્બીઓ ને પૂજ્ય પુરુષોને મળવાનું આજે સવિશેષ ધ્યાન રખાયું હશે. આજનો દિવસ એવી રીતે આનંદનો ને ઉત્સવનો હશે.

કાળચક્રનું એક વિશેષ વર્ષ પૂરું થયું ને એક વિશેષ વર્ષ આરંભાયું. આપણે એનો ઉત્સવ કરીએ તે બરાબર છે. ઉત્સવ કરવાનો આપણને અધિકાર છે, આપણો સ્વભાવ છે પરંતુ એથી આગળ વધીને આપણે ચિંતન પણ કરવું જોઈએ. અથવા કહો કે આત્મ નિરીક્ષણ, વીતેલા વરસનો વિચાર કરીને, એની સફળતાઓનું સરવૈયું કાઢીને, એના ગુણદોષોનો હિસાબ કરીને ક્ષતિઓને દૂર કરવાનો ને વિશેષતાઓને વધારવાનો, અશુભમાંથી મુક્તિ મેળવવાનો ને શુભને વધારેને વધારે પ્રમાણમાં સુદૃઢ કરવાનો સંકલ્પ કરીએ. કાર્યક્રમ ઘડીએ અને એને વફાદાર રહીએ. આપણાં જીવનના આદર્શોનું સ્મરણ કરીએ, જે લક્ષ્યાંકોની સિદ્ધિ કરવાના સંકલ્પો સેવ્યાં છે તેમને સફળ કરવાના સંકલ્પો કરીએ. વીતેલા વર્ષના રાગદ્વેષો, મતભેદો ને મનભેદો ઈર્ષ્યા ને મદમત્સરોને દફનાવી દેવાની કોશિષ કરીએ. જીવનને નવા વર્ષ દરમિયાન નવો આકાર આપવાનો નિર્ણય લઈએ તો નૂતન વર્ષ સાચોસાચ નૂતનવર્ષ બની શકે ને કેલેન્ડરમાં જ ના રહે પરંતુ જીવનમાં મૂર્તિમંત બને. નૂતનવર્ષમાં માનવમત્રને માટે એવી રીતે ઘણી ઘણી શક્યતાઓ રહેલી છે. એમને સાકાર કરીએ તો નૂતનવર્ષનો ઉત્સવ સફળ બને, બાકી તો કાળદેવતા પોતાનું કાર્ય કર્યે જાય છે. અને એક દિવસ નૂતનવર્ષની પરંપરા પણ પૂરી થશે કારણ કે એનો ઉત્સવ કરવા માટે આપણે હોઈશું નહીં.

**આજના પવિત્ર પર્વ દિવસે કેવળ હાથ ના મેળવીએ, હૈયા પણ મળે એવું કરીએ. કેવળ મુખમાંથી જ મંગલ શબ્દોચ્ચાર ના કરીએ, અંતરને પણ અભિલાષાઓથી અલંકૃત ને શુભ ભાવનાઓથી ભરપૂર કરીને બોલતું કરીએ**. આજે આંખમાં જ ચમક ના હોય, અંતરમાં ને આત્મામાં પણ હોય. વસ્ત્ર પરિધાન કેવળ બહારના જ ન હોય, અંદરના - સદ્‌વિચાર, સદ્‌ભાવ ને સત્કર્મોના - પણ હોય ને સાલમુબારક બંનેને બરબાદ ના થાય એને માટેનું અનુકૂળ મંગલમય આચરણ કરવાનો નિર્ધાર કરીએ. નૂતનવર્ષ આપણે માટે જ નહીં, બીજા બધાને માટે, વધારે ને વધારે માનવોને માટે, સમસ્ત રાષ્ટ્ર ને સંસારને માટે સુખશાંતિ, સમૃદ્ધિદાયક, કલેશવિદારક, કલ્યાણકારક નૂતન વર્ષ બને એવું આપણે ઈચ્છીએ. આજના દિવસ દરમિયાન જે ચેતના, ઉત્સાહ, સદ્‌ભાવ ને તરવરાટ દેખાય છે તે આવતીકાલે શમી ના જાય પરંતુ કાયમ રહે, દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધ્યાં કરે, અને એવી રીતે નૂતનવર્ષ આજના દિવસ પૂરતું મર્યાદિત નહીં પરંતુ કાયમનું બને એને માટે આપણે પ્રમાણિકપણે પ્રયત્નો કરીએ.

દિવાળી ને નૂતનવર્ષના પર્વો એકમેકની સાથે સંકળાયેલા છે. દિવાળી વર્ષનો છેવટનો દિવસ ને લક્ષ્મીપૂજનનો ઉત્તમ દિવસ મનાય છે. એ દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરે છે. માણસે એવી રીતે

પોતાના વીતેલા વરસના જીવનરુપી ચોડાને પૂરેપૂરો તપાસવો જોઈએ. ને જમા-ઉધારના પાસાનો પૂરેપૂરો વિચાર કરવો જોઈએ.

દિવાળીના દિવસે ઘરમાં ને ઘરની બહાર દીવા કરવામાં આવે છે એ દિવા શાને માટે છે ને શેના છે? માનવના જીવનમાં, દિલ અને દિમાગમાં એવા જ દીવા પ્રગટાવવાના છે. સ્નેહના, ક્ષમાના, દયાના, શીલના, સંયમના, જ્ઞાનના, સંપના, સદ્દભાવનના ને સેવાભાવનાના દીવા. જ્યાં જ્યાં અવિદ્યારુપી આસુરી સંપત્તિનો અંધકાર છે ત્યાં ત્યાંથી તેને દૂર કરવાનો છે. ને નવા પ્રકાશને પ્રગટાવવાનો છે. આપણે જે બહારના દીવા કરીએ છીએ તે એની દીક્ષા માટે છે. આપણી અંદર પણ એવા દીવા થવા જોઈએ. સંપ, સ્નેહ, સહકારના એવા દીવા સમાજમાં પણ સર્વત્ર થવા જોઈએ. એને માટે આપણે આપણી શક્તિના પ્રમાણમાં બીજાને મદદરુપ થવાનું વ્રત લેવું જોઈએ. સમાજમાં જ્યાં જ્યાં નિરક્ષરતા, દિનતા, ભેદભાવ, દુ:ખ અને એવા બીજા અંધકારના અવશેષ છે ત્યાં ત્યાંથી તેમને દૂર કરીને પ્રકાશ પાથરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

દિપક આત્માનું પણ પ્રતીક છે. આત્માને શાસ્ત્રોમાં જ્યોતિ સ્વરુપ - જ્યોતિઓની જ્યોતિ કહ્યો છે. એ જ્યોતિને ઓળખવા માટે પવિત્ર, પ્રેમમય, પ્રકાશિત જીવન જોઈએ. એને સારું સમજપૂર્વકની સાધના જોઈએ. દિપક પ્રગટાવીને, મંદિરોમાં અખંડ દિપક રાખીને ને દિપકની ઉપાસના કરીને આપણે આત્માનું સ્મરણ કરીએ છીએ અને આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ સેવીએ છીએ ખરા? એવો સંકલ્પ ના સેવતા હોઈએ તો સેવવો જોઈએ. તો જ દિપાવલીનો ઉત્સવ સાર્થક ઠરી શકે.

પેલા ભક્તકવિએ કેટલું સુંદર ને સાચુ કહ્યું છે:-

**દીવો કરો રે દીવો કરો**
**દિલમાં દીવો કરો.**
**કૂડા કામક્રોધને પરહરો રે ... દિલમાં**

**દયા દિવેલ પ્રેમ પરણાયું લાવો**
**માંહી સુરતાની દિવેટ વણાવો**
**પછી બ્રહ્મ અગ્નિને ચેતાવો રે ... દિલમાં**

**દીવો અણભે પ્રગટે એવો**
**ટાળે તિમિરના જેવો**
**એને નેણે તો નીરખી લેવો રે ... દિલમાં**

**સાચા દિલનો દીવો જ્યારે થાશે**
**ત્યારે અંધારુ મટી જાશે**
**પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે ... દિલમાં**

**દાસ રણછોડ ઘર સંભાળ્યું**
**જડી કૂચી ને ઉઘડ્યું તાળું**
**થયું ભોમંડળમાં અંજવાળું રે ..દિલમા**

આપણા પરંપરગત પર્વોને આવી જાગૃત્તિપૂર્વક ઊજવીએ તો કેટલો બધો લાભ થાય? દિવાળી ને નૂતનવર્ષનો આનંદ એકાદ-બે દિવસ પૂરતો મર્યાદિત રહેવાના બદલે રોજનો બની જાય. જીવન ઉજ્જવળ અને અવનવું થાય.

(પ્રભુપ્રાપ્તિના પંથમાંથી સાભાર)





વસુધૈવ કુટુંબકમ

-વિપુલ સેન

# વિશ્વબંધુત્વ : ભારતની દેન

## તમે વિશ્વમાં જે બદલાવો ઈચ્છો છો તેની શરુઆત તમારી પોતની જાતથી કરો : ગાંધીજી




સનાતન ધર્મ કહે છે કે મનુષ્ય એક સરખી રીતે શ્વાસ લે છે, એક સરખી રીતે સુખ અને દુઃખની સંવેદનાઓ વ્યક્ત કરે છે, જેનાથી એ રાગ અને દ્વેષને જગાડીને સુખ તથા દુઃખની અનુભૂતિ કરે છે. તેમાં તે હિંદુ છે, મુસ્લિમ છે, ખ્રિસ્તી છે કે પંચાનુગામિ છે એ બાબતથી કોઈ જ ફર્ક નથી પડતો. કારણ કે શ્વાસ અને માનવીય સંવેદનારો આ તમામ પ્રકારના સંપ્રદાયોથી પરે છે. કોઈ પણ શ્વાસ ન તો હિંદૂ છે, ન મુસ્લિમ છે, ન ઈસાઈ કે તેનો અન્ય કોઈ પંથ અથવા સંપ્રદાય સાથે પણ કોઈ જ સંબંધ નથી.

મનુષ્ય કોઈ પણ સંપ્રદાય સાથે સંબંધ ધરાવતો હોય પણ જો તેનામાં વિકારો જાગશે તો તે દુઃખી થવાનો જ છે. કદરતના આ નિયમો તમામ મનુષ્યોને સમાન રીતે લાગુ પડે છે. એક સદગૃહસ્થ જે રીતે પોતાની પત્ની અને સંતાનોને જોડાયેલા રાખે છે એ જ રીતે પરિવારના અન્ય લોકો, કુટુંબના અન્ય લોકો, શરીરના સગાસબંધીઓ, બંધુ બાંધવો વગેરેને જોડીને તેની સાથે પણ પોતાનો સ્નોહસંબાંધ બનાવેલો રાખે છે. જો વ્યક્તિ પોતે ધનવાન અને સુખીસપન્ન હોય તો તે પોતાનાથી આર્થિક રીતે નબળી સ્થિતિ ધરાવનારા કે નિર્ધન બાંધવો સાથે પણ એવો જ સ્નેહનો સંબંધ બનાવી રાખે તે આવશ્યક છે. તેમના પ્રત્યે પણ સહાનુભૂતિ અને સહયોગની ભાવના રાખે. કોઈ વ્યક્તિ નિર્ધન હોવામાત્રથી તેને ધુત્કારો નહીં, તેમનું સમ્માન કરો. સંકટમાં પડેલા બંધુબાંધવોની યથાશક્તિ મદદ પણ કરો. આ પ્રકારે તેમને સાથે જોડી રાખવાનું કામ કરીએ.

સમય ક્યારેય એક સરખો રહેતો નથી. જ્યારે સમય પલટાય છે ત્યારે આ જ દુઃખીયારા બાંધવો સુખીસંપન્ન પણ બની શકે છે. સંકટના સમયમાં વ્યક્તિએ તેને જે મદદ કરી હતી તેને એ ક્યારેય નહીં ભૂલે. આ રીતે બાંધવોને જોડી રાખવા ઉત્તમ અને મંગલ છે. ઊંચ અને નીચના ભેદભાવને ભૂલાવીને પોતાના તમામ દેશવાસીઓને પણ પોતાના જાતિબંધુ

માનીએ અને બધાને જોડી રાખવાનું કામ કરીએ.

એટલું જ નહીં પણ બંધુત્વની ભાવનાને વધારેને વધારે વિકસિત કરીને સમગ્ર વિશ્વની માનવસૃષ્ટિને વિશ્વબંધુત્વની ભવનાથી જોડી રાખીને એ કાર્યમાં આપણે યથાશક્તિ સહાયભૂત થઈ શકીએ છીએ. આખરે મનુષ્ય તો મનુષ્ય છે. ભગવાન બુદ્ધએ મનુષ્યોની એક જ જાતિ માની હતી. આગળ જતા આપણે અહીં પણ એક પ્રસિદ્ધ સંતે આ જ વાતને દોહરાવતા કહ્યું છે કે 'માનુસ કી જાત સબ એક કર જાનિયે.' કોઈપણ રંગ-રુપ, કોઈપણ બોલી કે ભાષા,કોઈપણ વેશભૂષા, કોઈપણ વર્ણ કે ગોત્ર, કોઈ પણ દેશ કે પ્રદેશના વ્યક્તિ હોય પણ તે છે તો મનુષ્ય જ અને આપણે તમામ એક જ જાતિના પ્રાણીઓ છીએ. સમગ્ર મનુષ્ય જાતિને જોડવામાં, સંગઠિત કરવામાં ખરેખર ઉત્તમ મંગલ જ સમાયેલું છે અને આ જ ભારતીય સંસ્કૃતિ છે.

ઉપનિષદનું વાક્ય છે : 'સંગચ્છધ્વં સંવદધ્વં સંવો મનાસિ જાનતામ'. અર્થાત એક સાથે ચાલીએ, એક જેવું બોલીએ અને આપણાં સૌના મન એક જેવા બની જાય. આ ભાવના પ્રાચીનકાળથી ચાલી આવે છે એટલે જ અહીં રાજા અને રંક, ધનવાન અને સંત એક સાથે બેસીને ભોજન કરે છે. અહીંના તત્વચિંતકોએ કોઈપણ પ્રકારના ભેદભાવ વગર માનવામાત્ર અથવા પ્રાણીમાત્રના કલ્યાણની કામના કરી છે.

**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ**
**સર્વે ભદ્રાણી પશ્યન્તુ, મા કશ્ચિદ દુઃખભાગ્ભવેત.**

અર્થાત સંસારમાં સૌ સુખી રહે, સૌ ભદ્ર જૂએ અને સંસારમાં કોઈપણ દુઃખી ન હો. વસુંધૈવ કુટુંબકમ એ એક વ્યાપક માનમૂલ્ય છે. વ્યક્તિથી લઈને વિશ્વ સુધી એ ભાવના વ્યાપ્ત છે. વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર, અર્નાષ્ટ્ર - સમગ્ર વિશ્વનો તેના પરિઘમાં સમાવેશ થઈ જાય છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘે મહાત્મા ગાંધીજીના આદર્શો અને વિચારોને વિશ્વ વ્યાપી માન્યતા આપી છે. વિશેષતઃ તેમણે અહિંસા પર ભાર મૂક્યો છે જે સનાતન, બૌદ્ધ કે જૈન કે જે ભારતીય સનાતનના ઘટકો જ છે તેની ભાવના છે. અહિંસાની નીતિ દ્વારા વિશ્વભરમાં શાંતિનો સંદેશ આપીને વિશ્વશાંતિને પ્રોત્સાહન આપવા માટે મહાત્મા ગાંધીજીના યોગદાનને ધ્યાને લઈને જ સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૨ ઓક્ટોબરના દિવસને અંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે વિશ્વભરમાં મનાવવાનો વર્ષ ૨૦૦૭માં નિર્ણય લીધો હતો. સાંપ્રત વિશ્વ વ્યવસ્થામાં અહિંસાની આવશ્યક્તા અને સાર્થકતો માનીને સંયુક્ત રાષ્ટ્રસંઘ મહાસભામાં ભારત દ્વારા રાખવામાં આવેલા આ પ્રસ્તાવને મતદાન કર્યા વગર જ સર્વસંમતિથી પારિત કરવામાં આવ્યો હતો. મહાસભાના ૧૯૧ સદસ્ય દેશો સહિત કુલ ૧૪૦થી પણ વધું દેશોએ ભારતના આ પ્રસ્તાવને આવકાર્યો હતો. આ પ્રસ્તાવને મોટી સંખ્યામાં વિશ્વના દેશો દ્વારા સમર્થન મળ્યું તે દર્શાવે છે કે આજે પણ વિશ્વમાં ગાંધીજીના નીતિમૂલ્યો વિશ્વને આકર્ષે છે અને વિશ્વમાં આજે પણ તેમનું એટલું જ સમ્માન છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન અમેરિકામાં વસેલા ભારતીય સમુદાયના એક સમાચારપત્ર ઈન્ડિયા એબ્રોડમાં પ્રકાશિત એક લેખ અનુસાર નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા અને અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું કે મેં મારા પૂરા જીવનમાં મહાત્મા ગાંધીને એક એવા પ્રેરણા સ્ત્રોતના રુપમાં જોયા છે કે જેમની પાસે સામાન્ય લોકો પાસેથી પણ અસાધારણ કામ કરાવવાની અદ્દભૂત નેતૃત્વ પ્રતિભા હતી. ઓગષ્ટ ૨૦૧૦માં વોશિંગ્ટન યુવા આફ્રિકન નેતાઓની બેઠકને સંબોધિત કરતા બરાક ઓબામાએ મહાત્મા ગાંધીજીને પોતાના પ્રેરણા સ્ત્રોત બતાવીને

સંબોધન કરતા કહ્યું કે મહાદ્વિપમાં જે બદલાવો આપ ઈચ્છો છો તેના માટે આપ મહાત્મા ગાંધીજીનું અનુસરણ કરો. ઓબામાએ કહ્યં કે, મહાત્મા ગાંધીજીએ કહેલું કે, **આપ જે બદલાવ વિશ્વમાં જોવા માગો છો તેની શરુઆત આપે પોતાનાથી કરવી જોઈએ.**

નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા અને ઈઝરાયલના રાષ્ટ્રપતિ શીમોન પરેજએ કહ્યું હતું કે, તેના દેશમાં મહાત્મા ગાંધીજીને પયગંબર માનવામાં આવે છે. તેમણે ભારતને સહનશિલતાનો આદર્શ બતાવ્યો. શ્રી પેરેજએ મહાત્મા ગાંધી પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતા એમ પણ કહ્યું કે, અહિંસા અને સહનશક્તિની તેમની શિક્ષાને સૌએ આચરણમાં મૂકવી જોઈએ. વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓમાંથી એક ભારતીય સંસ્કૃતિમાંથી લોકોએ સહ-અસ્તિત્વ શીખવાની જરુર છે. બુદ્ધિમતા ક્યારેય પણ જૂની થતી નથી. ભારતના રાષ્ટ્રીય આંદોલનનું નેતૃત્વ કરવાવાળા મહાત્મા ગાંધીજી તેમના માટે માત્ર એક પ્રેરણાદાયી જ નથી પણ એક પરિવર્તનકારી છે કે જેમણે અહિંસક સહ-અસ્તિત્વનો ક્રાંતિકારી વિચાર આપ્યો.

ઓક્ટોબર ૨૦૦૯માં અમેરીકી કોંગ્રેસ દ્વારા પારીત એક પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના દૂરદર્શિ નેતૃત્વના કારણે જ અમેરિકા અને ભારત વચ્ચે મૈત્રી સંબંધો પ્રગાઢ બન્યાં છે. હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સના ડેમોક્રેટ સદસ્ય એની ફેલેમાવેગાએ ગાંધીજી વિશે એક પ્રસ્તાવ રાખ્યો જેને સર્વસંમતિથી પારિત કરતા કહેવામાં આવ્યું કે, ગાંધીજીના સિદ્ધાંત અને વિચાર સમગ્ર વિશ્વ માટે હંમેશા પ્રાસંગિક રહેશે. આ પ્રસ્તાવ મહાત્મા ગાંધીજીની ૧૪૦મી જયંતિના અવસર પર પારિત કરવામાં આવ્યો હતો. એવીએ કહ્યં કે, ગાંધીજીના મહાન કાર્યો વિશે પહેલા પણ ઘણું બધું કહેવાઈ ગયું છે. વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારત અને અમેરિકાની વચ્ચે આજે જે સંબંધો છે તે ગાંધીજી વગરના અમે જોઈ શકતા નથી. એનીએ એમ પણ કહ્યું કે, એમની જિંદગી બંદુકની ગોળીથી સમાપ્ત થઈ ગઈ પણ તેમની વિરાસત ૧.૫ અરબ લોકો પાસે છે, જે સ્વતંત્ર દેશોમાં રહી રહ્યાં છે. અમેરિકાનું નાગરિક અધિકાર આંદોલન પણ ગાંધીજીના વિચારોથી પ્રેરિત હોવાનું તેમણે કહ્યું હતું.

આજે આપણે જ્યારે મહાત્મા ગાંધીજીના જીવન અને તેમની શિક્ષાઓને યાદ કરીએ છીએ ત્યારે તેમના સત્યાનુસંધન અને વિશ્વવ્યાપી દષ્ટિકોણની પાછળ આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના મૂળમંત્ર ઉદારચરિતાનામતુ વસુધૈવ કુટુંબકમ (અર્થાત પૃથ્વી એક દેશ છે અને આપણે સૌ તેના નાગરીકો છીએ)ને જોઈ શકીએ છીએ. આ માનવીય મૂલ્યો દ્વારા જ સમગ્ર સંસાર એક નવીન વિશ્વ સભ્યતા તરફ આગળ વધી રહ્યો છે. ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિના આ મહાન આદર્શને સરળ શબ્દોમાં જય જગતના નારાને અપનાવવાની પ્રેરણા પોતાના પરમ શિષ્ય વિનોબા ભાવેને આપી હતી. તેમણે આ શબ્દનો વ્યાપક રીતે પ્રયોગ કરીને આમ લોકોમાં આ વિચારનો ફેલાવો કર્યો.

ગાંધીજી એક સાચા ઈશ્વર ભક્ત, સનાતન પ્રેમી અને ગીતાના મર્મજ્ઞ હતા. તે બધા જ ધર્મોની શિક્ષાઓનો એક સમાન રીતે આદર કરતા હતા. ગાંધીજીનું માનવું હતું કે બધા જ મહાન અવતર એક જ ઈશ્વરથી આવ્યાં છે, ધર્મ એક જ છે, માનવ જાતિ એક જ છે, આથી આપણે પ્રત્યેક ધર્મનો આદર કરવો જોઈએ. બધા ધર્મો અને એ બધા ધર્મોના દૈવી શિક્ષકો એક જ પરમપિતા પરમાત્મા દ્વારા મોકલવામાં આવ્યાં હતાં. આપણે મંદિર, મસ્જિદ, ગિરિજાઘર, ગુરુદ્વારા કે કોઈપણ પૂજાસ્થળમાં પ્રાર્થના કરીએ તે એક જ ઈશ્વર સુધી પહોચે છે. ગાંધીજી નિરંતર તે યુગના પ્રશ્નોનું નિરાકરણ કરવાનો પ્રયાસ સત્યાનુસંધાન્ વારા

કરતા રહ્યાં છે. ગાંધીજીએ તે યુગની પ્રાથમિક આવશ્યક્તાનારુપમાં ગુલામી પ્રથાને મિટાવી અને એ પછી તેમનું અનુસંધાન આ સમગ્ર સૃષ્ટિને સંગઠિત કરીને પ્રભુ સામ્રાજ્યને ધરતી પર સ્થાપિત કરવાનું મિશન હતું.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી માત્ર ભારતના સ્વધિનતા આંદોલલન પિતામહ જ નથી પણ તેમણે વિશ્વના કેટલાંએ દેશોને સ્વતંત્રતાની રાહ દેખાડી છે. મહાત્મા ગાંધી ઈચ્છતા હતા કે ભારત માત્ર એશિયા અને આફ્રીકા જ નહીં પણ સમગ્ર વિશ્વની મુક્તિનું નેતૃત્વ કરે. તેમનું કહેવું હતું કે, **એક દિવસ એવો આવશે કે જ્યારે શંતિની ખોજમાં વિશ્વના બધા જ દેશો ભારત તરફ ખેંચાશે અને ભારત વિશ્વશાંતિ દ્વારા પ્રકાશ ધરશે. મારો પ્રબળ વિશ્વાસ છે કે ભારત જ વિશ્વમાં શાંતિ સ્થાપિત કરશે.** આ પ્રકારે વિશ્વમાં એકતા અને શાંતિની સ્થાપના માટે પ્રયાસ કરીને આપણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિશ્વ બંધુત્વના સપનાને સાકાર કરવાની દિશામાં આગળ વધીને તેમને સાચી શ્રદ્ધાંજલી આપી શકીએ છીએ.

ગાંધીજીએ આ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું? માત્ર સનાતનના અધ્યયનથી. ઉપનિષદ કહે છે કે એકત્રિત થઈને ચાલો, એકત્રિત થઈને બોલો અને સૌના મન એક સરખા થઈ જશે - આ ભાવના પ્રાચીનકાળથી જ ચાલી આવે છે.

આ મૂલ્યોને સાચા મનથી અપનાવ્યા વગર માનવતા અધૂરી છે. ધર્મ અને સંસ્કૃતિ અધૂરી છેં તથા રાષ્ટ્ર અને વિશ્વ પણ અધૂરા છે. આ મનુષ્યની, માનવ સમાજની, રાષ્ટ્રની અનિવાર્યતા છે. જો આપણે વિશ્વને શ્રેષ્ઠ બનાવવા માગીએ છીએ તો વિશ્વબંધુત્વની ભાવનાને આત્મસાત કરવી પડશે.

વસુધૈવ કુટુંબકમના સૂત્ર દ્વારા ભારતીય મનષિઓએ જે ઉદાર માનવતાવાદનો સૂત્રપાત કર્યો તેમાં સાર્વભૌમિક કલ્યાણની ભાવના છે. આ દેશ અને કાળથી પર અવધારણા છે અને પારસ્પરિક સદ્દભાવ, વિશ્વાસ અને એકાત્મકતા પર આ ભાવના ટકેલી છે. સ્વ અને પર વચ્ચેની ખાઈ લાંઘીને આ ભાવના સ્વથી પર સુધી વિસ્તરીને અભેદની ભાવના સ્થાપિત કરે છે.

વસુંધૈવ કુટુંબકમની ભાવનાને રાષ્ટ્રવાદ વિરોધી માનવાની ભૂલ કરવામાં આવે છે. જે પ્રકારે ઉદાર માનવતાવાદનો રાષ્ટ્રવાદ સાથે કોઈ સંબંધ નથી તેમ તે પ્રકારે વસુધૈવ કુટુંબકમની ભાવનાનો પણ રાષ્ટ્રવાદ સાથે કોઈ સંબંધ નથી. વસુધૈવ કુટુંબકમની અવધારણા શાશ્વત તો છે જ અને સાથે સાથે તે ઉદાર અને વ્યાપક નૈતિક માનવીય મૂલ્યો પર આધૃત છે. તેમાં કોઈપણ પ્રકારની સંકીર્ણતા માટે કોઈ જ અવકાશ નથી. સહિષ્ણુતા એ તેની અનિવાર્ય શરત છે.

નિશ્ચિતરુપે આત્મ પ્રસાર, સ્વનો પર સુધી વિસ્તાર એ પોતાને અને વિશ્વને સુખી બનાવવાનું સાધન છે. વૈજ્ઞાનિક આવિષ્કારોના ફળસ્વરુપે સમય અને દૂરી ઓછી થઈ જવાના કારણે વસુંધૈવ કુટુંબકમની ભાવનાના પ્રસારની આવશ્યક્તા ઘણી જ વધી ગઈ છે. કોઈપણ દેશમાં ચાલતી નાની-મોટી હલચલનો પ્રભાવ આજકાલ સંસારના તમામ દેશો પર કોઈના કોઈ રીતે અવશ્ય પડે છે. ફળસ્વરુપે તમામ દેશો આજે એ અનુભવ કરવા લાગ્યાં છે કે પારસ્પરિક સહયોગ, સ્નેહ, સદ્ભાવ, સાંસ્કૃતિક આદાન-પ્રદાતન અને ભાઈચારા વગર તેમનું કામ ચાલવાનું નથી.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના, નિર્ગુટ શિખર સમ્મેલન, દક્ષેશ, જી-૧૫ વગેરે વસુંધૈવ કુટુંબકમના જ નામભેદ રુપાંતર છે. આ રાજનૈતીક સંગઠનોથી એ તો પ્રમાણિત થઈ જાય છે વિશ્વના મોટામાં મોટા અને નાનામાં નાના દેશો પારસ્પરિકતા અને સહઅસ્તિત્વની આવશ્યક્તાનો અનુભાવ કરે છે અને આ અવધારણાઓની વચ્ચે તેઓ વસુંધૈવ કુટુંબકમની ભવનાને જ અનુસરી રહ્યાં છે.

વિચાર મંથન

-યોગેશ કવીશ્વર

### અહિંસા અને યુદ્ધ વચ્ચેના ભ્રમમાં ફસાતા દેશભક્તો માટે કેટલુંક મનનચિંતન

# અહિંસા અને યુદ્ધ : એક જ સિક્કાની બે બાજુ

## વિશ્વની મૂળ આવશ્યક્તા શાંતિની છે : અહિંસાનો અર્થ કાયરતા, પલાયનવાદ નથી

આજકાલ દેશ ભક્તોમાં અહિંસા અને યુદ્ધની નીતિને લઈને ઘણી જ ભ્રમણાઓ જોવા મળે છે અને કેટલાક તો અહિંસા અને યુદ્ધને એકબીજાના વિરોધી પરિબળો માને છે તો આ જ કારણને આગળ ધરીને કેટલાક લોકો દ્વારા અહિંસાનો વિરોધ કરવામાં આવતો હોય તેવું પણ જોવા મળે છે.. વળી, કેટલાક લોકો અહિંસાને કાયરતા માને છે. આ રીતે ભ્રમણા ઉત્પન્ન થવી સ્વાભાવિક છે. આપણે અહિંસા અને યુદ્ધ વિશે અહીં ચિંતનમનન કરીએ.

**પ્રશ્ન : આપણે જીવનમાં અહિંસાની આવશ્યક્તા છે કે યુદ્ધની? સ્પષ્ટ જણાવશો. કોઈ ગોળ ગોળ વાત ન કહેતા.**

ઉત્તર : સમગ્ર વિશ્વ અને માનવજાતિની મૂળ આવશ્યક્તા શાંતિની, સુખની, આનંદની છે. અશાંતિ, દુઃખ અને વિશાદ કોઈને પણ ગમતા નથી. કારણ કે શાંતિ અને સતચિતઆનંદ એ આપણા આત્માનો સ્વભાવ છે. આ સ્થિતિ કાયમી જળવાઈ રહેતી નથી. કેટલીક પરિસ્થિતિઓ, કેટલાક તત્વો અને કેટલાક પરિબળો એવા ઉત્પન્ન થાય છે કે તેને દૂર કરવા માટે આપણે તેની સાથે સ્થૂળ કે આંતરિક યુદ્ધમાં ઊતરવું જ પડે છે. તેનો નાશ કરવો એ શાંતિની સ્થાપના માટે અનિવાર્યરુપેણ આવશ્ક્યતા બની જાય છે. તેથી તેની સામે યુદ્ધ કરવા, તેનો સામનો કરીને તેને હઠાવવા માટે આપણે સશક્ત બનવું પડશે. એટલે યુદ્ધ તો સદાય ચાલ્યા જ રાખે છે અને આપણે તેને ટાળી શકતા નથી. એટલે એ આવશ્યક છે.

બીજી તરફ હંમેશા ગમે તેની સાથે લડવાની વૃત્તિ, વાત વાતમાં વિરોધ કરવાની વૃત્તિ, બીજાને દબાવવા, મારવા અને પીડવાની વૃત્તિ કે યેનકેન રીતે હિંસાત્મક પ્રવૃત્તિ જ કરવી તે પ્રકારની વૃત્તિ ન તો વ્યક્તિને પોતાને શાંતિ આપી શકે છે કે ન તો સમાજને શાંતિ આપી શકે છે. આવા લોકો પોતે જ સમાજ માટે દૂષણ બની જાય છે. તે જ્યાં પણ જાય ત્યાં શાંતિ અને સુખાકારીને પલીતો ચાંપી દે છે. ધર્મની રક્ષા માટે મહાભારત જેવા મોટા મોટા યુદ્ધો થયાં છે પણ અંતે તો વિશ્વને શાંતિની નિતાંત આવશ્યક્તા રહે જ છે. એટલે આપણે જીવનમાં નીડર, મક્કમ અને અનિષ્ટ તત્વો સામે લડવા માટે સક્ષમ તો બનવાનું જ છે પણ માત્ર ને માત્ર યુદ્ધ જ કર્યે રાખ્યે ચાલી શકશે નહીં. કારણ વગર આપણે કોઈને પણ ન નડીએ, નુકસાન ન પહોચાડીએ, હિંસા ન કરીએ વગેરે સદ્ગુણોને કેળવવા જોઈએ.

આમ જીવનમાં યુદ્ધ અને અહિંસા એ બન્નેની એટલી જ આવશ્યક્તા છે પણ ક્યારે કેમ ઉપયોગ કરવો તે માટે આપણે વિવેક કરતા શીખવું પડશે. યુદ્ધનું પરિણામ હંમેશા બન્ને પક્ષે નુકસાન જ હોય છે એટલે ઓછામાં ઓછું નુકસાન થાય તેમજ અનિવાર્ય હોય તો જ અને ત્યારે જ યુદ્ધનું શસ્ત્ર ઊગામવામાં

આવે તે આવશ્યક છે. હંમેશા યુદ્ધ માટે જ તત્પર રહેવાથી તો વિનાશ જ થાય છે. અગાઉના બે વિશ્વયુદ્ધોમાં જે હાનિ થઈ હતી તેને વિશ્વ હજુ પણ ભૂલ્યું નથી અને જો હવે ત્રીજું વિશ્વયુદ્ધ થાય તો આપણે એવા એવા અસ્ત્રો વિકસાવ્યાં છે કે ગણતરીની ક્ષણોમાં જ માનવ જાતિનો સર્વનાશ થઈ શકે છે.

યુદ્ધ હંમેશા પ્રતિરક્ષા માટે જ હોવું જોઈએ એ પણ જ્યારે અનિવાર્ય હોય. તેમાં નિર્દોષ લોકોનો ઓછામાં ઓછો સંહાર થાય તે બધું જ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ.

**પ્રશ્ન : ગાંધીજીએ તો કહ્યું છે કે કોઈ એક લાફો મારે તો બીજો ગાલ ધરવો. તો પ્રતિકાર કેમ કરવો?**

ઉત્તર : ગાંધીજીને પોતાના જન્મનો જે ઉદ્દેશ હતો તેની પૂર્તતા માટે તેમને પણ યુદ્ધ તો કરવાનું જ હતું, તેમણે એકલા હાથે અંગ્રેજ સલ્તનતને ભારતમાંથી હઠાવી કાઢવા માટે લડત શરુ કરી હતી. શરુઆતમાં જ્યારે તેઓ ભારતને આઝાદી અપાવવાની વાત કહેતા હતા ત્યારે લોકો તેમની વાત માની શકે, ભારતને આઝાદી મળે તેવી કલ્પના પણ કરી શકતા નહોતાં. ત્યારે ગાંધીજીએ લડતની શરુઆત કરી એ અશક્યને શક્ય કરવાની શરુઆત હતી. આ માટે કેટલું આત્મબળ જોઈએ તેની કલ્પના સહેજે કરી શકાય છે. વળી, તેમણે અહિંસાત્મક લડાઈનો માર્ગ અપનાવ્યો. લોહીનું એક ટીપુ પણ વહેડાવ્યા વગર યુદ્ધ લડી શકાય તેવી કોઈને કલ્પના પણ નહોતી.

ભારત દ્વારા વિશ્વને શાંતિ માટે જે સંદેશ આપવાનો હતો એ માટે ઈશ્વરની ઈચ્છાથી આ અહિંસાનો માર્ગ તેમણે લીધો હતો અને તેમને અહિંસાના માર્ગે જ કામ કરવાનું હોવાથી તેમણે અહિંસાની વાત કરી છે. જે સાપેક્ષ સત્ય છે. હવે જો કોઈ વ્યક્તિને ખરેખર પોતાના જીવનમાં અહિંસામાં સ્થિત થવું હોય તો તે સર્વ જીવો પ્રત્યે સદ્દભાવ રાખે એટલું જ પર્યાપ્ત નથી પણ પોતાના વિરોધીઓ, શત્રુ અને પોતાને હાનિ પહોચાડનારાઓ પ્રત્યે પણ તેઓ પ્રેમ દાખવી શકે અને બદલો લેવાની મનમાં કોઈ જ ઈચ્છા ન થાય ત્યારે એ વ્યક્તિએ અહિંસાને જીવનમાં ઊતારી છે એમ કહી શકાય. આ દૃષ્ટિએ ગાંધીજીનું એ વિધાન છે જે અહિંસાને પચાવવા માગતા લોકો માટે છે. યુદ્ધમાં લડવા કરતા પણ ક્રોધ વગેરે પરિબળોને કાબૂમાં કરવા માટે શૌર્ય અને શક્તિની આવશ્યક્તા પડે છે.

**પ્રશ્ન : શું અહિંસા એ નિર્બળતા કે કાયરતા અથવા પલાયનવાદ છે?**

ઉત્તર : કામનાઓ-ઈચ્છાઓની જ્યારે પૂર્તિ ન થાય, અહંકાર ઘવાય ત્યારે ક્રોધ જન્મે છે અને આ આવેશ એટલો તો પ્રબળ હોય છે કે વ્યક્તિ તેના કારણે ન કરવાનું પણ કરી બેસે છે. જૂઓ છોને રોજ રોજ કેટલી હત્યાઓ થાય છે? આ આવેશમાં અનેક લોકોને મોતને ઘાટ ઊતારી દેવા માટે જે શક્તિ અને શુરવીરતાની આવશ્યક્તા છે તેનાથી પણ વધારે શક્તિ, શુરવીરતા, પુરુષાર્થ, સામર્થ્યની આવશ્યક્તા આ પ્રકારના આવેગને કાબૂમાં લેવા માટે પડે છે.

તમે રસ્તે જતા હો અને કોઈ કાકરીચાળો કરે તો તમે તેને છોડો જ નહીં પણ ગમે તે થાય તેમ છતા પણ સામેના વ્યક્તિ પ્રત્યે મનમાં સદ્દભાવ જ રહે, ક્રોધ ન થાય એવી શક્તિ કેળવવાનું યુધ્માં લડવા કરતા ઘણું જ મુશ્કેલ છે. આ માર્ગ ખાંડાની ધાર પર ચાલવા બરાબર છે.

માણસને સૌથી મોટામાં મોટો ભય મૃત્યુનો હોય છે. આ ઉપરાંત સામાજિક ભય ને એવા અનેક પ્રકારના ભય તેનામાં પડેલા હોય છે. તેમાંથી મુક્ત થઈને અભય બનવું તે સાચી શુરવીરતા છે. એક અંગ્રેજ મહાત્મા ગાંધીજીની હત્યા કરવા માગતો હતો. આ માટે તેણે પ્રયાસો કર્યા હતા પણ સફળતા મળી નહોતી.

ગાંધીજીને આ વિશે જાણ થઈ તો તેઓ મૃત્યુના ભયથી ગભરાયા નહીં. ન તો પોતાને મારવાની પેરવી કરનારને મારી નાખવાની ઈચ્છા થઈ. તેઓ એક દિવસ તેમના નિવાસ સ્થાને એકલા જ ગયા અને તેને કહ્યું હતું કે તે પોતાને મારી નાખવા માગતો હતો તો તેઓ સામેથી જ મરવા માટે આવ્યાં છે અને તે એમની હત્યા કરી શકે છે! આ જોઈને અંગ્રેજ તો અચંબામાં પડી ગયો અને તેમને પ્રણામ કર્યાં. આવી શક્તિ ગાંધીજીની હતી. તેમણે એ સમયના સમાજના દૂષણોનો પણ વિરોધ કર્યો છે. અસ્પૃશ્યતાના એ વાતાવરણમાં તેમના આશ્રમમાં હરિજનો આવતા, હરિજનોને કૂવામાંથી પાણી ભરવા માટે આંદોલનો કરતા હતા. ગાંધીજીએ દેશમાં આખી સેના ઊભી કરી હતી જેઓ અહિંસાના માર્ગે લડત કરતા હતા. તેઓ દિવસો સુધી પર હિત માટે માત્ર પાણી પર ઉપવાસ કરતા હતા. આ બધામાંથી આપણે કેટલુંક કરી શકીએ છીએ તે જોઈને તેમની શક્તિનું માપ કાઢી લેવું જોઈએ. સત્ય અને બ્રહ્મચર્યનું પાલન કરી જૂઓ તો પણ એમની શક્તિ સમજાઈ જશે.



પંચાંગ

-યોગેશ કવીશ્વર

### આકાશમાં તમામ ગ્રહોની સ્થિતિના આધારે સૂક્ષ્મ નિરીયન પદ્ધતિ આધારિત નીરિક્ષણ

# ભારતીય પંચાંગ : સંપૂર્ણ વૈજ્ઞાનિક, સચોટ

### નવ ગ્રહો, વારના નામ, મહિનાના નામ, વર્ષ ગણનાની પ્રથમ શોધ ભારતમાં જ થઈ

વિક્રમ સંવતના ૨૦૭૭ના નૂતન વર્ષનો આરંભ થઈ રહ્યો છે. આ વખતે દિપાવલીની ઊજવણી ૧૪ અને ૧૫ એમ બે દિવસે કરવામાં આવી હતી અને બાદમાં નૂતન વર્ષ હતું પણ બીજનો ક્ષય હોવાથી બીજની ઊજવણી પણ નૂતન વર્ષના દિવસે જ કરવામાં આવી હતી. આ કારણે ઘણા બધા લોકોમાં ક્યારે ક્યા તહેવારની ઊજવણી કરવી તે માટે અસમંજસની સ્થિતિ સર્જાય છે. ઘણાં લોકો તો એક પણ કહેતા જોવા મળે છે કે આ કરતા તો અંગ્રેજી તારીખ સારી- આપણી તિથિમાં હંમેશા ગરબડ હોય છે એટલે જ લોકો અંગ્રેજી તારીખનો ઉપયોગ કરે છે એવું પણ લોકોના મુખે સાંભળવા મળે છે. વાસ્તવિકતામાં ખામી તિથિમાં નહીં પણ આપણી સમજ શક્તિમાં છે. આપણે તે વિશે જાણતા હોતા નથી એટલે જ એવું લાગે છે. કેટલાક લોકોએ તો રવિવારના દિવસે જ નૂતન વર્ષની ઊજવણી કરીને પોતાનો રોષ પણ વ્યક્ત કર્યો હતો. ધોકા પર ધોકાવાળી એ મતલબના સમાચારો પણ પ્રસિદ્ધ થાય છે. હકીકતે આ ધોકા પર ધોકાવાળી નથી પણ આ ધોકા ભારતીય સંસ્કૃતિની પીઠ પર પડી રહ્યાં છે. આપણા જ પંચાંગ બાબતે સમાજમાં પ્રસરેલા ઘોર અંધકાર અને તમસનું એ પ્રતીક છે. ભારતીય સમાજમાં પ્રસરી રહેલા આ ગહન અજ્ઞાનરુપી અંધકારને તોડવા માટે કટિબદ્ધ થવું જ રહ્યું.

વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ભારત છે અને વૈદિક ગણનાના આધારે માનવ સંસ્કૃતિના આદિકાળથી જ કાલગણના કરવામાં આવે છે. તે વૈદિક જ્યોતિષ્શાસ્ત્રનો એક ભાગ છે. જ્યારે વિશ્વમાં હાલની કોઈ જ વૈજ્ઞાનિક શોધો થઈ નહોતી એ પહેલા જ ભારતના ઋષિઓએ સૂર્યમાળામાં નવ ગ્રહ અને તેના આધારે કાલગણનાની શોધ કરી લીધી હતી. ગ્રહોના નામ, તેની અસરથી પૃથ્વી પર વર્ષ, બદલાતી ઋતુઓ, ૧૨ મહિનાઓ, ગ્રહોના નામના આધારે વારના નામ વગેરેની શોધ ભારતે કરી છે અને તે ભારતની વિશ્વને દેન છે. કમનસીબે આપણે તે જાણતા નથી.

**તારીખની જેમ રોજ પૂર્વ નિર્ધારીત તિથિ આવે તો આકાશમાં ગ્રહોની સ્થિતિની ગણનાનો કોઈ અર્થ જ રહેતો નથી : આપણી સુવિધા માટે પંચાંગ નહીં બદલાય, આપણે પંચાંગને સમજતા થવું જોઈએ**

### શું છે પંચાંગ?

આપણું જે તારીખિયું છે તેને પંચાંગ તરીકે ઓળખવામાં આવે છે. યોગ, નક્ષત્ર, વાર, તિથિ અને કરણ નામના પાંચ અંગના કારણે તેને પંચાંગ કહેવામાં આવે છે.

## તિથિ

તિથિ કુલ ૧૫ છે જે મળીને એક પક્ષ ગણાય છે અને આવા બે પક્ષનો એક મહિનો થાય છે. મહિનામાં સરેરાશ ૩૦ તિથિ આવે છે. સુદ ૧૫મી તિથિ પૂર્ણિમા કહેવાય છે અને વદ ૧૫મી તિથિ અમાસ કહેવાય છે. તિથિના નામ નીચે મુજબ છેઃ-

૧. પ્રતિપદા/પડવો/એકમ
૨. દ્વિતીયા/બીજ
૩. તૃતિયા/ત્રીજ
૪. ચતુર્થી/ ચોથ
૫. પંચમી/પાંચમ
૬. ષષ્ટી/છઠ
૭. સપ્તમી/સાતમ
૮. અષ્ટમી/આઠમ
૯. નવમી/નોમ
૧૦. દસમી/દસમ
૧૧. એકાદશી/અગીયારસ
૧૨. દ્વાદશી/બારસ
૧૩. ત્રયોદશી/તેરસ
૧૪. ચતુર્દશી/ચૌદશ
૧૫. પૂર્ણિમા/પુનમ
૧૫. અમાવસ્યા/અમાસ

## વાર

ભારતીય કાલગણના મુજબ એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો એક દિવસ ગણવામાં આવે છે અને સાત દિવસના સાત વાર હોય છે. **અંગ્રેજી તારીખ રાત્રીના બાર વાગ્યે બદલે છે પણ ભારતમાં રાત્રે દિવસ બદલતો નથી.** આ ઉપરાંત આ સાત વારના નામ આપણી સૂર્યમાળાના સાત ગ્રહોના નામ પરથી રાખવામાં આવેલા છે અને વિશ્વે પણ તેને ભારત પાસેથી અપનાવ્યાં છે. અંગ્રેજીમાં પણ તે ભાષા ફેર સાથે યથાવત રીતે સ્થાન પામ્યાં છે. જેમ કે રવિવારનું સન ડે થયું છે. વારના નામ આપણે સૌ જાણીએ જ છીએ.

## નક્ષત્ર

આકાશમાં રહેલા તારાઓના સમૂહને નક્ષત્ર કહેવામાં આવે છે. ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે દૈનિક નક્ષત્ર અને સૂર્ય જે નક્ષત્રમાં હોય તે મહાનક્ષત્ર કહેવામાં આવે છે. નક્ષત્રોની સંખ્યા કુલ ૨૭ છે અને તેને આકાશમાં જે તે તિથિના દિવસે ઊદિત થયેલા જોઈ શકાય છે. જેમ કે આજે પૂર્વાષાઢા નક્ષત્ર છે તો આકાશમાં એ જ દિવસે પૂર્વાષાઢા નક્ષત્ર ઊદિત થયું હશે. આમ આ ગણતરી સંપૂર્ણ રીતે વૈક્ષાનીક છે.

આપણા બાર મહિનાઓના નામ પણ આ નક્ષત્રો ઉપરથી પડ્યાં છે. આ રીતે તિથિના અડધા ભાગને કરણ કહેવામાં આવે છે. આમ એક તિથીમાં એટલે કે રોજ બે કરણ હોય છે.જ્યારે ૧૩ અંશ ૨૦ કળાનો એક યોગ થાય છે. કુલ ૧૧ કરણ છે અને યોગ ૨૭ છે. આકાશને કાલ્પનિક રીતે ૧૨ ભાગમાં વિભાજિત કરી દેવાં આવે છે અને દરેક ભાગ એક એક રાશિના નામે ઓળખાય છે. એ દિવસે ચંદ્ર ૧૨ પૂકીના જે ભાગમાં હોય તે દિવસે તે રાશિ હોય છે. વળી ખાસીયત એ છે કે પૃથ્વી પોતાની ધરી પર સૂર્યની પ્રદક્ષિણા કરે છે તેના આધારે જ આ ગણના કરવામાં આવે છે.

એટલે આપણી સુવિધા માટે ભારતની આ આખી પદ્ધતિને જ બદલી નાખીને વર્ષના અગાઉથી જ નક્કી કરેલા દિવસો રોજે રોજ આવે તેમ બની શકવાનું નથી. આપણા માટે આપણું પંચાંગ બદલાવાનું નથી. માટે **આપણે ઘરમાં એક પંચાંગ વસાવી લઈએ અને તેમાં જે દિવસે જે પણ તિથિ હોય તે મુજબ તિથિઓને સમજી લઈએ તે આવશ્યક છે**. જો આપને તિથિઓમાં મૂંઝવણ ઊભી થાય છે અને ગરબડ દેખાય છે તો તેનો અર્થ માત્ર એટલો જ છે કે હજુ સુધી આપણે તેને સમજ્યાં નથી. સમજતાની સાથે જ એ દૂર થશે.

# મહાત્મા ગાંધી વિષે સાચી સમજણ

ઉત્તેજિત બનેલા લોકો ગાંધી સામે દેશ મહીં,
ફેલાવી ધિક્કાર રહેલા, વિચારતા લવલેશ નહીં.
વેરભાવનું વિષ રેડીને અનેકના અંતર ભરતા,
આલોચના અનેક પ્રકારે સાચા સંત તણી કરતા.

કટ્ટર નાના મનના લોકે ધર્મભ્રષ્ટ જેવા જાણ્યા,
મુસ્લિમોના સુહૃદશ્રેષ્ઠ શા સ્વદેશના દુશ્મન માન્યા.
એક વર્ગ કટ્ટર ભારતમાં થઈ રહ્યો એવો તૈયાર,
કોમવાદના નામે કરતો પ્રચાર દિનને રાત અસાર.

હિંદુ જાતિની કરે કુસેવા અમંગલ વળી દેશ તણું,
ગાંધીનું એવા કુપ્રચારે એ કરતો અપમાન ઘણું.
યોજના ઘડી વેર ભાવથી એકત્ર થઈ એ લોકે,
ખતમ કરી દેવા ગાંધીને પ્રાણાર્પણ કરતાં કોકે.

**-યોગેશ્વરજી**

(ગાંધી ગૌરવ મહાકાવ્યમાંથી)

અત્યારે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતિનો સમય પૂર્ણ થયો છે પણ શ્રી યોગેશ્વરજીએ ઉપરોક્ત કાવ્ય ગાંધીજીની શતાબ્દિવંદના પ્રસંગે લખ્યું હતું, એટલે તેને ૫૦થી વધું વર્ષો થઈ ગયાં છે. એ ગાંધી ગૌરવ મહાકાવ્યમાંથી ઉપરોક્ત કાવ્યપંક્તિઓ આજે પણ એટલી જ પ્રાસંગિક છે. આજકાલ ચોક્કસ સમૂહ દ્વારા ગાંધીજીને ભાંડવાની પ્રવૃત્તિ પૂરજોશમાં શરુ થઈ છે. એવું ઠસાવવામાં આવી રહ્યું છે કે ગાંધીજીએ માત્ર ભૂલ જ કરી હતી, અનેક જૂઠાણાઓ પણ ફેલાવવામાં આવી રહ્યાં છે. ૫૦ વર્ષ પહેલા જે પ્રવૃત્તિ આંતરીક રીતે ચાલતી હતી તે હવે ખૂલ્લેઆમ શરુ થઈ છે. અનેક દેશપ્રેમીઓના મનમાં વિષ ઘોળીને તેમને ગેરમાર્ગે દોરી રહ્યાં છે.

જ્યારે અસત્યના પ્રચંડ વાયરાઓ વાતા હોય, અસત્યનો અંધકાર સમગ્ર વાતાવરણને ઘેરી વળ્યો હોય, રસ્તો સૂઝતો ન હોય ત્યારે એ અંધકારની સામે રેલીઓ કાઢવાની, તેનો વિરોધ કરવાની આવશ્યક્તા નથી પણ નાનકડો એક સત્યરુપી દિપક પ્રગટાવવો જોઈએ. એથી એ અંધકારનું ભેદન થઈ જશે. અંધકાર ક્યારેય પ્રકાશની સામે ટકી શકતો નથી. ગમે તેટલા જૂઠાણાઓ ફેલાવવામાં આવે પણ એ ક્યારેય સત્યનું સ્થાન લઈ શકતાં નથી, એ સત્ય હોવાનો ભ્રમ અવશ્ય પેદા કરી શકે છે પણ સત્યની એક નાનકડી ચિનગારી જ તેનું ભેદન કરવા માટે પર્યાપ્ત છે.

રામ અને કૃષ્ણ જેવા મહાન અવતારો આ માનવજાતિના અને સમષ્ટિના કલ્યાણ માટે થયાં છે. તેવી વિભૂતિઓને વધાવવાનું તો ઠીક પણ આપણે તેમના રસ્તામાં

કંટકો જ વેર્યા છે. કંસો, રાવણ, શિશુપાલ, એ એક ધોબી આજે પણ આ જગમાંથી ટળ્યાં નથી. ભગવાન બુદ્ધે સૌને સદાચારનું સ્નાન કરાવવા માટે આકરી તપસ્યા કરી અને શાંતિનો સંદેશ આપ્યો પણ આપણે તેને કેટલો ઝીલ્યો? ભગવાન ઈશુને આપણે વધસ્તંભ પર ચડાવ્યાં. ભગવાન જ્ઞાનેશ્વરના માતાપિતાને આત્મઘાત માટે મજબૂર કર્યા, ભગવાન શંકરાચાર્યને માતાનો અગ્નિદાહ પણ ન કરવા દીધો. ગુરુનાનકને યુદ્ધો લડવા પડ્યાં અને આ જ રીતે આપણે ગાંધીજીને પણ ગોળી મારી દીધી! એટલેથી જ ન અટકતા હજુ પણ એનો વારંવાર વધ કરી જ રહ્યાં છીએ. ત્યારે આપણાં ઉદ્ધાર માટે હવે કોણ આવશે?

હજારો જૂઠાણાઓના વરસાદ વચ્ચે નાનકડું સત્ય કદાચ ઝડપથી કોઈને ન પણ સમજાય પણ આજથી આ લેખમાળા દ્વારા આપણે સત્યરુપી દિપક પ્રગટાવી રહ્યાં છીએ. હવે જોવાનું એ છે કે અસત્યના વાવાઝોડામાં સત્યની આ નાનકડી જ્યોત ઓલવાઈ જશે કે એ પોતાની તાકાતથી અંધકારનું ભેદન કરવા માટે સમર્થ સાબિત થશે? સત્ય વિષે જે કહેવાય છે કે તે સનાતન છે અને અસત્ય ક્યારેય સત્યનું સ્થાન લઈ શકતું નથી ત્યારે આ જ્યોત પ્રગટાવીને એક નાનકડો પ્રયોગ કરી રહ્યો છું. હવેથી નિયમિત રીતે આ જ વિષય પર લેખો પ્રકાશિત કરીને આપણે સત્યની જ્યોત પ્રગટાવીશું. આ કાર્યમાં આપ પણ જોડાઈને સહયોગ આપી શકો છો, આપ તેને વાંચી સમજીને યોગ્ય લાગે તો વધુંને વધું લોકો સુધી તેને પહોચાડીને એ નાનકડી જ્યોતને બુઝતી અટકાવી શકો છો અને જો એમ થશે તો એ એક દિવસ અવશ્ય મહાજ્યોત બનશે. જે સત્યનું ગાંધીજીએ પાલન કર્યું હતું તેને સત્યની કસોટી પર આજે ચડાવીને આ એક નાનકડી પ્રયોગ આરંભ્યો છે. મા ભગવતીના ચરણે આ એક નાનકડું લેખન પુષ્પ અર્પણ છે.

**-યોગેશ કવીશ્વર**

---

હું બૌદ્ધ ધર્માવલંબી નથી, જેવું કે આપ લોકોએ સાંભળ્યું છે, પરંતુ હું બૌદ્ધ છું. જો ચીન, જાપાન અથવા સીલોન એ મહાન તથાગતના ઉપદેશનું અનુસરણ કરે છે, તો તો ભારતવર્ષ પૃથ્વી પર તેમને ઈશ્વરનો અવતાર માનીને પૂજા કરે છે. આપે હમણાં જ સાંભળ્યું કે હું બૌદ્ધ ધર્મની આલોચના કરનાર છું. પરંતુ તેનાથી આપને કેવળ એટલું જ સમજવું જોઈએ કે જેને હું આ પૃથ્વી ઉપર ઈશ્વરનો અવતાર માનુ છં, તેમની આલોચના! મારા માટે સંભવ નથી. પરંતુ બુદ્ધના વિષયમાં આપણી ધારણા એ છે કે તેમના શિષ્યો તેમનો ઉપદેશ બરાબર સમજ્યાં નથી. હિંદુ ધર્મ (હિંદુ એટલે મારો મતલબ વૈદિક ધર્મ છે) અને જે આજકાલ બૌદ્ધ ધર્મ કહેવાય છે, તેમાં પરસ્પર એવો સબંધ છે જેવો યહૂદી અને ઈસાઈ ધર્મમાં. ઈસા મસીહ યહુદી હતાં અને શાક્ય મુનિ હિંદુ.

**-સ્વામિ વિવેકાનંદ**

અહિંસાની સમજ

-યોગેશ કવીશ્વર

# ગાંધીજી : અહિંસા એ કાયરતા નથી

## સાચી શૂરવીરતા ક્રોધ અને આવેગોને આધીન થવામાં નહીં, તેને રોકવામાં



એક ભાઈએ મને કહ્યું કે 'મહાત્મા ગાંધી તો નપૂંસક હતાં! એમના જેવો કાયર, ભગોડો, મર્દાનગી વગરનો બીજો કોઈ આ દેશમાં થયો જ નથીને!' આપણાં દેશનો કેટલોક વર્ગ એવો છે જે આવું માને છે. એમના મતે બૉંબમારો કરવો, ગોળીઓ ઝીલવી અને મારવી, અનેક લાશો ઢાળી દેવી એમાં જ શૂરવીરતાં છે. એટલે અહિંસા તેમને કાયરતા લાગે છે.

સાચી શૂરવીરતાની જરુર તો બીજાને મારવામાં નહીં પણ સામેવાળો આપણને મારે ત્યારે સામે પણ પ્રહાર કરવાના બદલે પ્રમપૂર્વક તે સહન કરવામાં રહે છે. દરેક એવું કરી શકતાં નથી. અત્યારે કોઈને મારવાની વાત તો દૂર પણ એમના વિષે ઘસાતું બોલનારને પણ લોકો છોડતા નથી ત્યારે વિરોધીને પણ પ્રેમ કરવો એ તલવારની ધાર પર ચાલવા જેવું છે. એ માટે અતિ પ્રબળ મનશક્તિ, મક્કમતા, શૂરવીરતા, પૌરુષની આવશ્યક્તા રહે છે. આનો અનુભવ આપણે જાતે જ

**કાયર એ છે જે કામ, ક્રોધના આવેગોનો ગુલામ બની, ભાન ભૂલીને ન કરવાનું કરી બેસે છે, પોતાનું તો નુકસાન કરે જ છે પણ બીજાનો પણ વિનાશ નોતરે છે**

કરી લેવો જોઈએ. ગાંધીજીને નપુંસક માનતા કે કહેતા પહેલા આપણે જાતે જ એમના બતાવેલા માર્ગો પર ચાલવાનો પ્રયત્ન કરીને અનુભવી લેવું જોઈએ કે આપણે તેમાં વીર બનીને સાંગોપાંગ તેનું પાલન કરી શકીએ છીએ કે કેમ?

મહાત્મા ગાંધીજીનું સૌથી પહેલું શસ્ત્ર હતું અહિંસા. વિશ્વમાં કોઈને કલ્પના પણ નહોતી કે લોહીનું એક ટીપુ પણ વહેડાવ્યા વગર આ રીતે પણ વિરોધ થઈ શકે છે! વળી એ વિરોધ પણ માયકાંગલો નહોતો પણ એટલો પ્રબળ, મક્કમ હતો કે અંગ્રેજ સરકારને પણ ઝૂકવું પડયું. અહિંસાનું પાલન કરવું સહેલું નથી. આપણને કોઈ ગાળ આપે તો આપણે સહન કરી શકીએ છીએ? કોઈ જાહેરમાં અપમાન કરે તો સહન કરી શકીએ છીએ? કોઈ વાંક વગર

માર મારે તો સહન કરી શકીએ છીએ? વિરોધીને પણ સાચા દિલથી પ્રેમ કરી શકીએ છીએ?આ પ્રશ્નો આપણે પોતાને જ પૂછી લેવા જોઈએ અને નક્કી કરવું જોઈએ. એકાદ દિવસ માટે પણ આવી રીતે અહિંસાનું પાલન કરી જૂઓ તો ખબર પડશે કે આવું કરવા માટે જ સાચી શક્તિની જરુર છે, સાચી મર્દાનગી કોઈ મારે ત્યારે સામે મારવામાં નહીં પણ માર ખાવાથી સામાના પ્રત્યે ઉત્પન્ન થતો ક્રોધ, દાઝને કાબૂમાં રાખવામાં અને એ વ્યક્તિને પણ પ્રેમ કરવામાં છે. આવો પ્રયોગ કરવાથી સમજાઈ જશે કે એ કેટલું દુષ્કર છે. જેનું મન ખૂબ જ મક્કમ હોય તે જ આવું કરી શકશે અને આવી અહિંસાને આજીવન અપનાવવા માટે તો ભારેમાં ભારે શૂરવીરતાની આવશ્યક્તા છે.

ગાંધીજીએ અંગ્રેજ સરકારને ઝૂંકાવવા માટે ઉપવાસનું શસ્ત્ર ઉગામ્યું હતું. તેઓ ૨૧ દિવસથી માંડીને મહિના સુધીના ઉપવાસ કરતાં, એ પણ કોઈ ન જૂએ તે રીતે ગાંઠિયા ખાઈને નહીં પણ માત્ર પાણી પર જ રહીને અન્નનો એકપણ દાણો મોંમા નાખ્યા વગર દિવસો સુધી તેઓ ઉપવાસ કરતાં હતાં. પોતાનો કોઈપણ સ્વાર્થ સાધવાનો નહોતો. એકાદ દિવસ પણ આ રીતે ઉપવાસ કરી જોવાથી ખબર પડી જશે કે એ માટે કેટલી મનની મક્કમતા અને શક્તિની આવશ્યક્તા પડે છે.

ગાંધીજીનો બીજો આદર્શ છે સત્યનું પાલન. કોઈ પણ સંજોગો, પરિસ્થિતીમાં સત્યના જ માર્ગે ચાલવું, સાચુ જ બોલવું એ ધાર્યા જેટલું સહેલું નથી. નજીવા સ્વાર્થ માટે પણ લોકો જૂઠું બોલી લેતા હોય છે સત્યનું પાલન કરવાનો પ્રયોગ કરીને તે માટે કેટલી શૂરવીરતાની જરુર રહે છે તે આપણે જાતે જ અનુભવી શકીએ છીએ.

મહાત્મા ગાંધી ૩૫ વર્ષના થયાં એટલે તેમણે બ્રહ્મચર્યના પાલનનું વ્રત લીધું. પોતાના પત્ની કસ્તુરબા એ પછીથી પત્ની ન રહેતા તેમને બા એટલે કે માતા ત્યારે ભલે ગમે તેટલું નુકસાન થાય, જાનનું જોખમ પણ ભલે હોય તેમ છતાં હંમેશા સત્ય જ બોલવું એવું ગાંધીજીનું વ્રત હતું. આપણે જીવનમાં સત્યનું કેટલું પાલન કરી શકીએ છીએ? આ પણ પ્રયોગથી જાણી શકાય તેમ છે અને

કહીને સંબોધવાનું શરુ કર્યું. આપણે શરીર અને મન દ્વારા બ્રહ્મચર્યનું કેટલું પાલન કરી શકીએ છીએ? થોડાં દિવસ માટે પણ બ્રહ્મચર્યનું પાલન કરી તો જૂઓ. આપને સમજાઈ જશે કે એ માટે કેટલા પુરુષાર્થની જરુર પડે છે.

ગાંધીજીએ આજીવન અપરિગ્રહનું પાલન કર્યું. અપરિગ્રહ એટલે કે જરુર હોય તેનાથી વધારે કોઈપણ વસ્તુ, ધન, વિચારોનો પણ સંગ્રહ ન કરવો. અત્યારે નેતાઓ ચૂંટાયા બાદ કરોડપતિ બની જાય છે પણ ગાંધીજી આજીવન પોતડી જ પહેરતાં અને ઝૂંપડા જેવા આશ્રમમાં જ રહેતા. સત્તાની મોહિની, ધનની મોહિની, પદની મોહિની, સ્ત્રીની મોહિનીથી અલિપ્ત રહીને ત્યાગીની જેમ જીવવાનું આપણે ધારીએ છીએ એટલું સહેલું નથી. આનો પણ એક વખત આપણે અનુભવ કરી લેવો જોઈએ એથી એનું મહત્વ અવશ્ય સમજાશે. ગાંધીજી ધારત તો ધન કમાઈ શક્યાં હોત, મોજશોખથી જીવી શક્યાં હોત, સત્તા પણ મેળવી શક્યાં હોત પરંતુ એવું એમણે ન કર્યું અને પોતાનું આખું જીવન દેશસેવામાં સમર્પિત કરી દીધું.

જીવનમાં આપણને અનેક પ્રકારના ભયો સતાવતા હોય છે. નાનપણમાં ગાંધીજીને અંધારાથી ભય લાગતો હતો. એ પછી તેમને ભયને ભગાડવા માટે રામનામનો મંત્ર મળ્યો અને એ મંત્ર એવો તો એમના જીવન સાથે વણાઈ ગયો કે ગાંધીજીએ અભયને ચરિતાર્થ કરીને તમામ પ્રકારના ભયનો ત્યાગ કર્યો હતો. માણસને સૌથી મોટો ભય મૃત્યુનો હોય છે પણ ગાંધીજીને મૃત્યુનો પણ ભય નહોતો.

એક વખત એક અંગ્રેજ કેટલાક સમયથી મહાત્મા ગાંધીજીની હત્યા કરવા માટેના પ્રયાસો કરી રહ્યો હતો. તેણે બે ત્રણ વખત આ માટેના નિષ્ફળ પ્રયાસો કરેલા પણ સફળતા મળી નહોતી. ગાંધીજીની જગ્યાએ કોઈ અન્ય વ્યક્તિ હોત તો પોતાને પતાવી દેવાનો પ્રયત્ન કરનારને જ પતાવી દેવાની પેરવી કરત પણ ગાંધીજી નોખી માટીના માનવી હતાં. ગાંધીજી સામેથી એ અંગ્રેજના નિવાસ સ્થાન પર ગયાં અને એ એકલો જ હતો ત્યારે સામેથી તેની પાસે ઉપસ્થિત થઈને કહ્યું કે તે પોતાને મારી નાખવા ઈચ્છતો હતો તેથી પોતે સામેથી મરવા માટે આવ્યાં છે અને તેને હત્યા કરવી હોય તો કરી શકે છે! આ દશ્ય જોઈને એ અંગ્રેજ તો આભો જ બની ગયો! કોઈ વ્યક્તિ સામેથી મરવા માટે આવે તે વાત તેના ગળે ઊતરતી નહોતી! આથી તેનું હૃદય પરિવર્તન થઈ ગયું. હત્યા કરવાના બદલે પ્રણામ કર્યાં અને ત્યારથી એ ગાંધીજીનો ભક્ત બની ગયો. આ રીતે સામેથી મરવા માટે જવામાં કેટકેટલી શૂરવીરતાની જરુર રહે છે તેનો અનુભવ કરીને જોઈ લેવું જોઈએ. ઈતિહાસ સાક્ષી છે કે રાવણ, કંસ જેવા શૂરવીર ગણાતા લોકોને પણ મોતનો ભય સતાવતો હતો.

આ જ રીતે મહાંતમા ગાંધીજીએ સમાજના તમામ પ્રકારના ભયનો પણ ત્યાગ કર્યો હતો. તેમના આશ્રમમાં દારુ પીનારાઓ પણ આવતાં અને એ સમયમાં જ્યારે ભારતમાં અસ્પૃશ્યતા ચરમસીમા પર હતી ત્યારે ગાંધીજી હરિજનોને પ્રવેશ આપતા અને હરિજનો માટે ચળવળ ચલાવતાં હતાં. આવું કરતા તેમને સમાજનો જરા પણ ભય લાગ્યો નહોતો. આપણે સમાજની ઉપરવટ થઈને કેટલુંક કરી શકીએ છીએ? તે આપણે જ વિચારવું રહ્યું.

---

યહૂદીઓએ ઈસા મસીહનો કેવળ અસ્વીકાર જ નથી કર્યો તેમને શૂળી પર ચડાવ્યાં હતાં. હિંદુઓએ શાક્ય મુનિને ઈશ્વરના રુપમાં સ્વીકાર્યા છે અને તેમની પૂજા કરે છે. પરંતુ પ્રચલિત બૌદ્ધ ધર્મમાં અને બુદ્ધદેવના ઉપદેશમાં જે વાસ્તવિક ભેદ અમે હિંદુ લોકો બતાવવા માગીએ છીએ તે મુખ્યતઃ એ છે કે શાક્ય મુનિ કોઈ નવો ઉપદેશ આપવા માટે અવતરિત થયાં નહોતા. તે પણ ઈસાની માફક ધર્મની સંપૂર્તિ માટે આવ્યાં હતાં, તેમનો વિનાશ કરાવા માટે નહીં. ફરક એટલો છે કે જ્યાં ઈસાને પ્રાચીન યહૂદી સમજી ન શક્યાં. જેવી રીતે યહૂદી પ્રાચીન વ્યવસ્થાનની નિષ્પતિને ન સમજી શક્યાં તે જ રીતે બૌદ્ધ પણ હિંદુ ધર્મના સત્યોની નિષ્પતિને ન સમજી શક્યાં. હું આ વાત ફરીથી કહેવા ઈચ્છું છું કે શાક્ય મુનિ ધ્વંસ કરવા નહોતા આવ્યાં પરંતુ તે હિંદુ ધર્મની નિષ્પતિ હતા. તેમની તાર્કિક પરિણિતિ અને તેમના યુક્તિ સંગત વિકાસ હતા.

**-સ્વામિ વિવેકાનંદ**

શાંતિનો માર્ગ

-યોગેશ કવીશ્વર

## સરહદ પર લડવું હોય તો જવાય, અહિંસાનો પણ માર્ગ છે, તેનુંય મહત્વ ઓછું નથી

# વિશ્વના માનવ સમાજને ભારતનું શાંતિનું પથદર્શન

### વિશ્વ યુદ્ધના વિકરાળ પરિણામોથી તપ્ત વિશ્વને ભારતે બતાવ્યો અનોખો રાહ : લોકોને કલ્પના પણ નહોતી કે લોહીનું એક ટીપુંએ વહેડાવ્યા વગર યુદ્ધ થઈ શકે!

અહિંસાની ભાવનાના વિરોધમાં કેટલાક સંદેશાઓ દ્વારા સોશ્યલ મીડિયામાં પ્રચાર કરવામાં આવે છે જે મુજબ 'જ્યારે સરહદ પર યુદ્ધ ચાલતું હોય, ગોળીઓનો વરસાદ ચાલતો હોય ત્યારે શું કોઈ સામેથી ગોળી મારે તો તેનો પ્રતિકાર કરવાના બદલે ગોળી ખાવા માટે પોતાની છાતી ધરવી એ તો મૂર્ખતા છે.' આ રીતે મહાત્મા ગાંધીજીની અહિંસાની વાત ગળે ઊતરે તેવી નથી. આ ઉપરાંત એક સંદેશ એવો પણ વહેતો કરવામાં આવે છે કે, 'અહિંસા પરમો ધર્મ એ શ્લોક આપણને ગાંધીજી દ્વારા અડધો જ શીખવવામાં આવ્યો છે. સાચો શ્લોક અહિંસા પરમોધર્મ ધર્મ હિંસા તથૈવ ચ એવો છે. મતલબ કે ધર્મના રક્ષણ માટે હિંસા કરવામાં કોઈ જ દોષ નથી.' આવા કેટલાએ સંદેશાઓ વહેતા કરીને અહિંસાનો વિરોધ કરવામાં આવતો હોય છે.

**ગાંધીજીની અહિંસાનું રહસ્ય : કોઈ સંત કોઈ ભાવ પર વિશેષ ભાર મૂકે તો એ સાપેક્ષ સત્ય છે, એમને એ માર્ગથી કાર્ય કરવાનું છે, એ તે સમયની માગ છે**

ભારતમાં જ્યારે જ્યારે પણ દેશ અને સંસ્કૃતિ પર ખતરો ઊભો થયો છે ત્યારે ત્યારે સંતો અને મહાપુરુષોની પરંપરા પ્રગટી છે. આ લોકોના કારણે જ આ દેશ અને આપણી સંસ્કૃતિ આજ સુધી ટકેલા છે. જે કાળમાં જેવી પરિસ્થિતિ હોય, જે પણ કરવાની આવશ્યક્તા લાગે એ પ્રમાણે તેઓ વર્તે છે. તેમના કાર્યની અન્ય કાર્ય સાથે ક્યારેય તુલના ન કરવી

જોઈએ. ગાંધીજી પણ આવા જ કાળ પુરુષ હતાં. કાળ પુરુષ એને કહેવામાં આવે છે જે એ કાળમાં જે પ્રવાહ હોય તેને બદલે છે અને આ રીતે મોટો ફેરફાર થાય છે. આ કાર્યની સફળતા માટે તે જે પણ માર્ગ અપનાવે છે તે આગવો હોય છે, નૂતન હોય છે અને તે કાળની પરિસ્થિતિ મુજબ તે માર્ગ હોય છે. મહાત્મા ગાંધીજીના પ્રત્યેક કાર્યમાં ભગવાનની શક્તિ કાર્ય કરી રહી હતી.ગાંધીજીની અહિંસાની ભાવનામાંથી કોઈનેય સરહદ પર લડવા ન જવું જોઈએ અને જે પણ થાય, આક્રાંતાઓ હુમલો કરે અને પોતાનું બધું લૂંટાતું હોય તો લૂંટાવા દેવું જોઈએ પણ ક્યારેય વળતો પ્રહાર ન કરવો જોઈએ કારણ કે તે હિંસા છે એવો અર્થ આપણે કાઢવાનો નથી. જેને પણ સરહદ પર લડવા માટે જવું હોય તે અવશ્ય જાય, જવું જોઈએ પણ તે સિવાય અહિંસાનો માર્ગ પણ છે અને તેથી એનું મહત્વ ઓછું થઈ જતું નથી. આપણે જે પણ પ્રવૃત્તિ કરીએ છીએ તે સિવાયની બીજી પ્રવૃત્તિનું પણ યોગ્ય મૂલ્ય આંકવાની તેની પણ કદર કરવાની આપણી તૈયારી હોવી જોઈએ.

ભારતમાં જેટલા પણ મહાપુરુષો થયાં છે તેઓ ઈશ્વરની પ્રેરણાથી પોતપોતાની રીતે કાર્ય કરતાં હોય છે. તેઓ અમુક ભાવ પરત્વે વિશેષ ભાર મૂકે છે કારણ કે એમને એ પ્રકારે કાર્ય કરવાનું હોય છે, એથી એમણે જે કહ્યું તે સર્વકાલિન નહીં પણ સાપેક્ષ સત્ય છે.મહાત્મા બુદ્ધને શાંતિનો સંદેશ આપવો હોય તો એ યુદ્ધ કરીને ન આપી શકે એ જ રીતે ગાંધીજીને અહિંસાનો સંદેશો આપવો હોય તો એમણે અહિંસાનું પાલન કરવું પડે. સૌની એક જ સરખી રીત ક્યારેય પણ હોતી નથી અને સૌ માર્ગ માટે અલગ અલગ રીતો હોય છે. અનુભવીઓ તો સતમાં વર્તે અને અસતમાં પણ વર્તે. માનો કે ટ્રેન ૪૦ની સ્પીડે ચલાવવાની હોય તો વરાળ ઍન્જિન તેટલી વરાળનો-શક્તિનો ઉપયોગ કરે અને ટ્રેનને ૮૦ કિમીની ઝડપે ચલાવવાની હોય તો એટલી વરાળનો ઉપયોગ કરે. ટ્રેન ધીમી ચલાવતા હોય તો એની શક્તિ આટલી જ છે એમ માની ન લેવાય એ જ રીતે કોઈ સંત કોઈ રીતે વર્તે એ સાપેક્ષ છે, જરુરિયાત મુજબ છે. ૪૦થી દોડતી ટ્રેન ૮૦ની ઝડપે પણ દોડી શકે છે તેમ સમયની આવશ્યક્તા મુજબ એ જ વ્યક્તિ અન્ય રીતે પણ કાર્ય કરે છે, ક્યારેક તો એ કાર્ય અગાઉના કરતાં તદ્દન વિપરીત હોય એવું પણ બની શકે છે.

ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી અપાવવા માટે જ ગાંધીજીના જન્મનો ઉદ્દેશ હતો અને એ કાર્ય પૂર્ણ થતાં જ તેમણે દેહની લીલા સંકેલી લીધી. જ્યારે ઈશ્વરની ઈચ્છા અને શક્તિ મુજબ કાર્ય થતું હોય ત્યારે એ પદ્ધતિ તદ્દન મૌલિક હોય છે, એ એની નિશાની છે. ગાંધીજીએ તે સમયે અહિંસાના માર્ગે લડત શરુ કરી, કોઈએ વિચાર્યું પણ નહોતું કે આ રીતે લોહીનું એધકપણ ટીપુ વહેડાવ્યા વગર પણ વિરોધ નોંધાવી શકાય છે! ભારતે વિશ્વને હંમેશા શાંતિનો સંદેશ આપ્યો છે અને ભવિષ્યમાં પણ ભારત જે રીતે વિશ્વને શાંતિનો સંદેશ આપવાનું છે તે માટે આ અહિંસાના માર્ગે લડત કરવાની આવશ્યક્તા હતી. એ કાળ બીજા વિશ્વયુદ્ધનો કાળ હતો અને ત્યારે ભારતે અહિંસાના કલ્પનાતિત માર્ગ દ્વારા વિશ્વને યુદ્ધ કર્યા વગર પણ લડત લડવાની પદ્ધતિ આપી હતી. ઈશ્વર સર્વજ્ઞ છે અને તે ભૂત અને ભવિષ્ય વિશે પણ જાણે છે એટલે તેની યોજનાઓ ભવિષ્ય વગેરેને ધ્યાને રાખીને હોય તે આપણે જે તે સમયે સમજી શકીએ તેવી સ્થિતિ હોતી નથી.

યુદ્ધમાં શૌર્ય દાખવવાની, દેશ અને સંસ્કૃતિનું રક્ષણ કરવાની અને એ માટે જરુર પડ્યે યુદ્ધો લડવાની જેટલી આવશ્યક્તા છે એટલી જ જીવનમાં માનવ જાતિને શાંતિની પણ આવશ્યક્તા છે. વિશ્વએ બે વિશ્વયુદ્ધો જોયાં છે અને તેનાથી થતો મહાવિનાશ

તેમજ સદીઓ સુધી થતી તેની વિઘાતક અસરો પણ જોઈ છે. વળી, અહિંસાનો આ સંદેશ વિશ્વ સમૂદાયને ભારતની ભૂમિ પરથી ત્યારે અપાયો છે જ્યારે વિશ્વના દેશો બીજું વિશ્વ યુદ્ધ લડી રહ્યાં હતાં.

ભારતમાં એ સમયે અહિંસાની સાથે સાથે જ હિંસાનો માર્ગ પણ હતો અને તેથી લાખો નિર્દોષ લોકોના મૃત્યુ થયાં છે, ગાંધીજી અહિસક માર્ગે જ આઝાદી આપવા માટે સક્ષમ હતાં પણ આપણા દેશનું જનમાનસ તેને યથાયોગ્ય રીતે સ્વીકારી શકે તેવી સ્થિતિ નહોતી. ક્રોધ અને આવેગો માણસ પાસે ન કરવાનું પણ કરાવી શકે છે અને તેને રોકવાનું દરેકના વશમાં નથી હોતું. ગાંધીજીએ ભારતવર્ષને સંહારમાંથી બચાવી લેવા માટે ઘણીએ ધીરજ રાખી છે.

આપણને થશે કે આ આઝાદી મળી તો આવી? કે જેથી દાંત ખાટા થઈ જાય! જો ગાંધીજીએ આવી આઝાદી અપાવી તો આ પરિસ્થિતિ માટે તે જ જવાબદાર છે તેમ આપણને લાગે છે પણ ગાંધીજીએ પૂરો પ્રયત્ન કર્યો એ પછી જ્યારે પરિણામ ન મળ્યું ત્યારે તેમણે બધું જ ભગવાન પર છોડી દીધું હતું. લોકોની જેવી તૈયારી હતી તેવું પરિણામ મળ્યું. લડત આટલેથી અટકી જતી નથી. જે આઝાદી મળી તે ગાંધીજીને માન્ય નહોતી, આ એમના સપનાની આઝાદી નહોતી. આઝાદીની સાથે સાથે દેશનું વિભાજન કરવાનો પણ નિર્ણય લેવાયો, ગાંધીજી હંમેશાથી ઈચ્છતા હતાં કે દેશમાં સૌ લોકો સાથે મળીને શાંતિપૂર્વક રહે. આ માટે તેમણે જીવનભર શક્ય તમામ પ્રયાસો કર્યાં. આમ છતાં **ગાંધીજીની ઈચ્છા વિરુદ્ધ જ્યારે કોંગ્રેસે આઝાદી સ્વીકારવાનો અને દેશનું વિભાજન કરવાનો નિર્ણય લીધો ત્યારે ગાંધીજીને ભારે આઘાત લાગ્યો હતો.** કોઈને ભારતના તો કોઈને પાકિસ્તાનના વડાપ્રધાન બનવું હતું. આઝાદીના આ નિર્ણયનો, ભારતના ભાગલાનો વિરોધ કરનારા બે જ વ્યક્તિ હતા એક તો ગાંધીજી અને બીજા આચાર્ય ક્રિપલાણી. ભાગલાના વિરોધમાં ગાંધીજીએ ધરણા પણ કર્યાં હતાં.

હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર રે.. નરસિંહ મહેતાની એ ઊક્તિ મુજબ આવા પુરુષો જ્યાં સુધી પોતાનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી અટકતા નથી અને જુદા જુદા રુપો ધારણ કરીને ધરતી પર આવતા હોય છે. ત્યારે તે સમયની માગ મુજબ તેમનું કાર્ય હોય છે જે અગાઉ કરતાં તદ્દન અલગ જ હોય તેવું પણ બની શકે છે. આવી સ્થિતિમાં બધાં તેને ઓળખી શકતાં નથી. પણ તે પોતાનું જે મિશન છે તે પૂર્ણ કરવા માટે અવશ્ય મોટા કાર્યો કરે છે, તેના કાર્યોથી સમાજમાં મોટા મોટા બદલાવો આવે છે. એ સત્તાથી દૂર રહ્યાં તો બીજા જન્મે પોતાના કાર્યો માટે સત્તામાં આવી શકે છે, અહિંસાના બદલે યુદ્ધો પણ લડી શકે છે, ભારતને સાચી આઝાદી આપવા એ મૌલિક કાર્યો કરશે પણ બધાં લોકો ત્યારે પણ તેના કાર્યોને સમજી શકશે નહીં. આપને શું લાગે છે કે જે ગાંધીજીએ દેશની આઝાદી માટે જીવન ખર્ચી નાખ્યું તે ભારતને સાચી આઝાદી અપાવવા માટે ફરી બીજો જ વેશ ધારણ કરીને નહીં આવે? આવે તો પણ તેમને ઓળખનારા, સમજનારા લોકો ઘણાં જ ઓછા હોય છે.

***

અનુભવીની નજરે

-પૂજ્ય શ્રી મોટા

# ગાંધીજીના સિદ્ધાંતમાં ભગવાનનો ભાવ

## જેણે પોતાની માન્યતા પાછળ જીવન નીચોવી નાખ્યું છે તેવા જ પોતાની માન્યતાને દૃઢ અનુભવમાં આણી શકે છે, તેવાઓ સદા વંદનીય છે

(ગતાંકથી ચાલુ)

તમારા એક કાગળમાં પૂજ્ય ગાંધીજીના સિદ્ધાંતની બાબતમાં કંક હતું, તો તે બાબતમાં લખવાનું કે એમના સિદ્ધાંતમાં પણ ભગવાનનો ભાવ જ વ્યક્ત થઈ રહ્યો છે. તે આપણી પ્રજાને માટે ઘણો મહત્વનો છે અને પ્રજાના ઘડતરનું કામ કરી રહેલો છે. પણ એમાં એક જ બાજુનું જે વધારે પડતું મહત્વ આપવામાં આવે છે, ને પકડમાં રહેવાનું થયું છે, તે જો કે લોકોને-આપણાં દેશની પ્રજાને માટે જરુરનું છે. તો પણ સાધનાની દૃષ્ટિએ જોઈએ તો એની પકડમાં કે કશા ઉપર એકબાજુનું વધારે પડતં મહત્વ કે ઝોક આપવામાં સાધકનો એ વાતાવરણમાં જ જકડાઈ જવાનો પૂરો સંભવ રહે છે. તેથી, તે ઓછો ઉપયોગી છે. એટલે આપણે તો એની પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિભરી નજરે જોવાનું છે, એટલું જ નહીં પણ જે જે બધાં એ યજ્ઞમાં હોમાતાં હોય, ઝૂકાવતા હોય તે બધાં પ્રત્યુ ખૂબ પ્રેમભરી હમદર્દી ધરવાની છે.તે ઉપરાંત, આપણાંથી કશાની પકડમાં જકડાઈ ન જવાય, એટલું સાવચેતીભર્યુ લક્ષ રાખીને પછી એ બાબતમાં જે કંઈ થઈ શકે તે કરવા રહેવું ઘટે છે. કોઈપણ જાતના ઊર્ધ્વગામી પથિકને એના ઉત્સાહમાં, એના વલણમાં, એના જોમમાં, સાહસમાં, હિંમતમાં ને એમાં હોમાવાની તમન્નામાં કોઈપણ જાતનો દ્વિધાભાવ થાય, એના દિલમાં ગડમથલ કે હલનચલન થાય એવું કશુંઆપણાંથી થવું ન જોઈએ. એનો મતિભ્રમ કરાવવામાં આપણાંથી પડાય નહીં, પૂજ્ય ગાંધીજીના આત્મબળ આગળ આપણે આપણે તો બિચારા પતંગિયા જેવા છીએ. જો ધકે આ તો આપણી સમજણના દૃષ્ટિબિંદુ માટે લખ્યું છે. સાંસારિક, વ્યવહારિક બાબતમાં રચ્યાપચ્યાં રહેનાર કરતાં જે કોઈ, કોઈપણ દિશામાં ઊર્ધ્વગમન માટે મથતું હોય, તેને આપણે સર્વપ્રત્યે સહાનુભૂતિવાળીને પ્રેમવાળી દૃષ્ટિ રાખ્યા કરવાની છે.

(જીવનપગથી, આ. ૩જી, પૃ.૨૫૪)

આધ્યાત્મિક ભાવનાને ખેડી રહેલા... માસિકમાં પૂજ્ય મહાત્માજી (ગાંધીજી) વિષે જે લખેલું છે તે યથાર્થ લાગતું નથી. આવા સત્વશીલ સાધુપુરુષો મહાત્માજીની જીવનશક્તિને કેમ સમજી શકતાં નહીં હોય?તે કલ્પનામાંએ આવી શકતું નથી. તેમ છતાં પૂજ્ય સ્વામીજીના પત્રોમાં મહાત્માજી વિષેનું લખાણ વાંચીને પણ એમની પ્રત્યેનો મારો આદરભાવ ઘટ્યો નથી.

૧૯૩૨માં નડિયાદમાં સંતરામ મહારાજની શતાબ્દિ સંવત્સરી હતી. તે અંગે ત્યાં ઘણાં મહાત્મા, સંતપુરુષો, સાધુ સંન્યાશીઓ પધારેલાં, તેમાં અનેક

પૂજનિય વિભૂતિઓ પણ હતી. તે મહાપુરુષોને હરિજનોને બોધ આપવા લઈ જવા કેટલીય મહેનત કરવી પડતી હતી.

જેમ ધર્મતત્વને પામવા માટે શરીરની પૂરેપૂરી જરુર છે, તેવી રીતે સમાજ શરીર પણ અખંડ રહે અને સમાજમાં ધર્મની ભાવના જીવતી રહે, તે માટે સમાજમાં કોમોની વચ્ચે પરસ્પર શુદ્ધ, નિર્મળ ધર્મભાવના ઓતપ્રોત રહે તે પણ તેટલું જ જરુરી છે. તે વેળો હરિજન સેવક સંઘના કેટલાક મુખ્ય કાર્યકર્તાઓ તો જેલમાં હતા. હરિજનોમાં ખ્રિસ્તી ધરમ્નો પ્રચાર પાદરી લોકો તેવા મેળાઓ વખતે ખાસ કરતાં.

એ જોઈને શતાબ્દિ સંવત્સરી સમયે ત્યાં આવેલા બધાં સંન્યાશીઓને મળેલો, પણ પડી ગયેલા રિવાજથી જુદી રીતે વર્તવાની બાબતમાં સંસારી સમાજના જેટલી જ રુઢિચુસ્તતાના સંન્યાશીઓમાં પણ દર્શન થયાં, પણ જે લીધું તેના ઉકેલ માટે એક એક ઉપાય તો લઈ ચૂકવો જ. તે માટે મંડતા મંતા આખરે એક મહાતેજસ્વી અને નામાંકિત સાધુપુરુષને હરિજનોમાં બોધ અપાવવા લઈ જવાનું બનેલું, પણ એમાં પણ એમની પાછળ પડીને કરાવ્યું હતું. સ્વયંપણે હૃદયનો ઉમળકો તેમાંયે ન હતો.

સાધુસંન્યાશીઓમાં પણ વાડાઓ, મતમતાંતરો અને રુઢિઓ લગભગ સમાજ જેટલા જ સજ્જડ છે. એમાંથી મોકળા થવું એમને માટે પણ એટલું જ મુશ્કેલ છે. એ પણ એક જાતનો સંસાર છે અને ગતાનુગતિક, ઘરેડમાં ચાલ્યાં કરનારો છે. એમાં ઉત્તમ સાધુ મહાત્માઓ નથી એમ કહેવાનો હેતુ નથી. જે સંસ્થાની પાછળ સંસ્કાર છે, તપશ્ચર્યા છે, જીવનની આહુતિ છે અને જે સંસ્થા નર્યા ત્યગમાંથી જ જન્મેલી છે, તે સંસ્થા કોઈકાળે મૃત્યુ પામવાની નથી. કોઈને કોઈ કાળે અને કોઈને કોઈ ગૂઢ રીતે તે નવચેતનવંતી થવાની જ છે એભમાં કોઈ સંશય નથી. આખરે તો એવા સમર્પણશાળી જીવનથી જ નવી જ્યોત પેદા થવાની છે, એ વાત પણ નક્કી છે.

પણ આજકાલ તો પૂજ્ય ગાંધીજીની બાબતમાં સાધુ સંન્યાશીઓમાં અવળો પ્રચાર ચાલે છે. પણ ગાંધીજી તો આત્માની ઝાંખી અર્થે જ સર્વ કામ કરે છે. પ્રત્યેક કર્મની અંતરમાં એમની જીવંત ધારણા તેવી રહે છે. એમની ભગવાન ઉપરની શ્રદ્ધા જીવતી જાગતી છે:

'આવા વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શન સારુ જીવમાત્રની સાથે આત્મવત પ્રેમની પરમ આવશ્યક્તા છે, અને તે કરવાને ઈચ્છનાર મનુષ્ય જીવનના એકપણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજકારણમાં ખેંચી ગઈ છે. મને આ પૃથ્વીના અશાશ્વત રાજ્યની કામના નથી. મારો પ્રયાસ તો ઈશ્વરના ધામમાં પહોચવાનો એટલે કે મોક્ષ મેળવવાનો છે. એ મોક્ષ સ્વદેશની અને જગતની અવિરત, અવિરાંત સેવા કરવાથી જ મળી શકે એવું મારું માનવું છે. હું જીવમાત્રની સાથે ઐક્ય તન્મયત્વ સાધવા ઈચ્છુ છું. ગીતાની ભાષામાં કહું તો શત્રું તેજમ મિત્ર બન્ને પ્રત્યે સમત્વની સ્થિતિ મારે કેળવવી છે.'

ગાંધીજી ઈશ્વરને 'શ્વાસોશ્વાસનો સ્વામી', 'નિમકનો દેનારો', 'દિવાદાંડી' ગણે છે. એ કહે છે કે 'એ સર્વનો પેદા કરનારો છે અને એ ન હોય તો આપણે પણ નથી.'

આ અવિચળ દઢ ઈશ્વર શ્રદ્ધાએ એમનામાં નવું જ વ્યક્તિત્વ ઉત્પન્ન કર્યું છે, અને એ વ્યક્તિત્વનો પ્રભાવ, એની ધગશ, એનો પ્રેમ આપણે સૌ જોઈએ છીએ અને અનુભવીએ છીએ. એમને અનુભવ થયેલો છે કે આધ્યાત્મિક તત્વ એમની સમીપ અને અંતરતર છે. એનાથી વધારે નિકટ અને પ્રિય બીજું કશું નથી. એ તો કહે છે કે 'એ નચવશે તેમ નાચીશ.' Times

of India તો તેમને 'The Greatest Bluffer' કહે છે, પણ એના જેવું કશું નથી, પણ પરકદેશીને એમની આવી બોલી ન સમજાય તે પણ સમજી શકાય તેવું છે. તેઓ કહે છેઃ-

એવી કોઈ અકળ અને ગૂઢ શક્તિ છે, જે વિશ્વંભર છે,સર્વવ્યાપી છે. હું એને જોતો નથી પણ અનુભવું છું. આ અદૃષ્ટ શક્તિ અનુભવાય છે અને છતાં તેનો કશો પુરાવો આપી શકાતો નથી, કેમ કે હું મારી ઈન્દ્રિયોથી જેનો અનુભવ કરું છું તે સર્વ વસ્તુઓ કરતાં આનું રુપ કંઈ જુદુ જ છે. તે બહારના પૂરાવાથી સિદ્ધ નથી થઈ શકતી, પણ જેણે અંતરમાં એ ઈશ્વરની હાજરી ખરેખરી અનુભવી છે, તેમના આચરણ અને ચારિત્ર્ય બદલાઈ જાય છે અને એ પરિવર્તન જ ઈશ્વરની હસ્તીની સાક્ષી પૂરે છે. એવો પૂરાવો સર્વ દેશના અને સર્વ યુગના પેગંબરો અને ઋષિમુનિઓના અનુભવમાંથી મળી છે. વળી આગળ તે પોતે કહે છેઃ-

એ વસ્તુ કદી દલીલનો વિષય બની શકતી નથી. તમે મને દલીલ વડે બીજાઓને ગળે ઊતારવાનું કહો તો મારે હાર જ કબૂલવી રહી, પણ હું તમને એટલું તો કહી શકું છું કે તમે અને હું આ ઓરડામાં બેઠા છીએ, એ હકીકતની મને જેટલી ખાતરી છે, તેના કરતાં વધારે ખાતરી મને ઈશ્વરના અસ્તિત્વની છે. હું એમ પણ કહી શકું છું કે હું હવા અને પાણી વિના કદાચ જીવી શકું, પણ ઈશ્વર વિના નહીં જીવી શકું. તમે મારી આંખો ફોડી નાખો તેથી હું મરવાનો નથી. મારું નાક ઊડાવી દો તેથી હું મરવાનો નથી. પણ તમે ઈશ્વર વિષેની મારી શ્રદ્ધાને સૂરંગ લગાવીને ઊડાવી દો તો હું મૂઓ સમજજો.

તે ઉપરાંત :

જે ક્રિયા મારામાં ચાલે છે તે અંતરયામીની છે એમ કહી શકાય કે નહીં એ હું નિશ્ચયપૂર્વક થી જાણતા , પણ ઘણાં વર્ષોથી જે પ્રમાણે મેં મારા મોટામાં મોટા કહેવાયાં છે તે અને નાનામાં નાન ગણાય તેવા કાર્યો કર્યાં છે. તે તપાસતાં તે અંતરયામીના પ્રેર્યા થયાં છે એમ કહેવું મને અઘટિત નથી લાગ્યું. અંતર્યામીને મેં જોયો નથી, જાણ્યો નથી. જગતની ઈશ્વર વિશેની શ્રદ્ધાને મેં મારી કરી લીધી છે. એ શ્રદ્ધા કોઈ રીતે ભૂંસી શકાય એવી નથી. તેથી એને શ્રદ્ધા રુપે ઓળખતો મટી અનુભવરુપે જ ઓળખું છું.

આ વચનો અંતરના ઊંડાણથી બોલાયેલાં છે. એની પાછળ એમના આત્માનો રણકાર-ઝણકાર છે. તે જાણે આપણાં જીવનને સ્પર્શ્યા કરતો હોય, અને એવું આપણને અનુભવમાં તે તે કાળે આવ્યું હોય એમ લાગ્યાં કરેલું છે. એમની વાણી આપણાં હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે. એનું કારણ એ છે કે એમના શબ્દો માત્ર ખાલી ખાલી બોલાયેલાં નથી, પણ એની પાછળ એમના આત્માનું પ્રેરકબળ મૂકાયેલું છે. શબ્દોની પાછળ આત્મા રમત રમી રહેલો છે. એમનો માનવીની સેવાનો ખ્યાલ એટલે પ્રભુની જ સેવાનો ખ્યાલ છે. ભલે આપણે બધાં એ રીતે દેશભક્તિ કે સેવાના ક્ષેત્રમાં જીવંત ખ્યાલ ન રાખી શક્યાં હોઈએ.

પણ તેથી એમના જીવન ધ્યેયને ઝાંખપ લગાડવાનું આપણાથી કેમ બની શકે? એમના એકલાના જ અંતરાત્માની ઝંખનાએ કરીને સમાજને એમણે કેટકેટલો પ્રાણ આપ્યો છે! તામસ અને જડતાં ભરેલા સમાજને એમણે જાગતો કર્યો છે. એમની એ સેવા આપણાંથી આંકી શકાય એમ નથી. એ દેખીતી વાત સાધે સંન્યાશીઓના ખ્યાલમાં નથી ઊતરી શકી એ એક દુઃખદ ઘટના છે.

(પ્રેરક વિભૂતી મહાત્મા ગાંધી, આ. ૨જી, પૃ. ૨૯થી ૩૫)

કર્મયોગ

-યોગેશ કવીશ્વર

# ગાંધીજી સમાજસેવક કે સંત?

## જો બધાં જ સંતો સમાજથી દૂર નિવાસ કરશે તો સમાજને સાચો રાહ કોણ બતાવશે?

સામાન્ય રીતે સંત વિષે લોકોમાં એવી પ્રચલિત માન્યતા છે કે તે ભગવા કે સફેદ વસ્ત્રો પહેરતા હોય, ધ્યાન આદિ કરતા હોય અને કરાવતા હોય, લોકોને ભગવાનના માર્ગે જવાનો ઉપદેશ આપતા હોય, જેમણે સાધના કરીને આત્માનો સાક્ષાત્કાર કર્યો હોય અથવા એ કાર્યમાં પ્રવૃત્ત હોય, જેઓ યોગ, વેદ, પુરાણો આદિનું ઊંડું જ્ઞાન ધરાવતા હોય, જેમણે ભગવાનના સાક્ષાત દર્શન કર્યા હોય, દાઢી રાખતા હોય કે એવો દેખાવ હોય કે જોતા વેંત જ તે સંત છે એવી છાપ પડે, તે સંસારથી અલિપ્ત બનીને માત્ર ઈશ્વર સ્મરણમાં જ રહેતા હોય અને સંસારની કોઈપણ બાબતોમાં રસ લેતા ન હોય, ઘર છોડીને આશ્રમમાં રહેતા હોય, ભ્રમણ કરતાં હોય કે હિમાલયમાં ચાલ્યા ગયા હોય એવા આંતર અને બાહ્ય વિશેષ લક્ષણો ધરાવનારા જ સંત હોય તેવું મોટા ભાગના સમૂહવિશેષનું માનવું છે. આ પ્રકારના સંસ્કારો પ્રજાના માનસમાં દઢ થઈ ગયાં છે. સાધુજીવન જીવવા માટે આ પ્રકારના બાહ્ય લક્ષણો સાધુઓને ઘણાં જ મદદરુપ થતાં હોય છે તેથી તેનું મહત્વ પણ ઓછું નથી પરંતુ મૂળભૂત રીતે સાધુત્વ, સંતત્વ એ બાહ્ય નહીં પણ આંતરીક વસ્તુ છે અને માત્ર બાહ્ય લક્ષણોના આધારે તેને મૂલવી શકાય નહીં. આથી ભારતની આઝાદી માટે લડત લડનારા, રાજકીય પ્રવૃત્તિઓમાં સતત પ્રવૃત્ત રહેનારા, વિરોધ પ્રદર્શનો કરનારા મહાત્મા ગાંધીને લોકો લોકસેવક, દેશભક્ત તો સમજે પણ એક સત તરીકે તેમની આંતરીક ભૂમિકાને ન સમજી શકે, તેમના આંતર ઐશ્વર્યને ન સમજી શકે એ ઘણું સ્વાભાવિક છે.

**લોકોમાં સંત વિશે જે માન્યતા છે તેનાથી વિપરીત કર્મનો પણ માર્ગ છે જેનું વર્ણન ભગવાન શ્રીકૃષ્ણએ ભાગવત ગીતામાં કર્યું છે**

જો બધાં જ સાચા સાધુસંતો હિમાલયની ગીરકંદરાઓમાં જઈને બેસી જશે તો પછી સમાજથી અલિપ્ત જ રહેશે, સમાજ અને એમની વચ્ચે અંતર પડી જશે. કેટલાક એવા મહાન આત્માઓની પણ આવશ્યક્તા છે જે સમાજની વચ્ચે જ રહીને, લોકોની વચ્ચે તપીને પોતાના જીવન દ્વારા અનેક લોકોને શ્રેયના માર્ગે વાળે અને લોકકલ્યાણના કાર્યો પણ કરે. આપણે જોઈએ છીએ કે રાજ્યશાસનમાં સત્તા પર ત્યાગના બદલે ભોગ, સત્તાલાલચા, વિષય લોલુપતા, સંપત્તિની કામના ધરાવતા લોકોનું પ્રભુત્વ વધતું જ જાય છે.

તેના બદલે લોક કલ્યાણની ભાવનાથી ભરેલા અને દૈવી સંપત્તિથી સંપન્ન મહાપુરુષો જો જાહેર જીવનમાં સમાજસેવાના ક્ષેત્રોમાં પ્રવેશે તો આ સમાજને તેનાથી ઘણો ઘણો ફાયદો થશે.

જ્યારે જ્યારે પણ આ દેશ અને સંસ્કૃતિ પર આફત આવી છે ત્યારે ત્યારે ભારતમાં સંતોની પરંપરા પ્રગટી છે અને તેના કારણે જ આજે યુગો પછી પણ આપણી સંસ્કૃતિ ટકેલી છે, સૂર્યની જેમ પ્રકાશી છે. આ સંતોની પરંપરામાં મહાત્મા ગાંધીનું નામ પણ શિરમોર સમાન છે.

શ્રીમદ્ ભાગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કર્મયોગનો માર્ગ બતાવ્યો છે. એ સૌથી વધુ ઉપેક્ષિત માર્ગ રહ્યો છે પણ સૌથી મહત્વપૂર્ણ માર્ગ એ જ છે. યોગ, ભક્તિ, જ્ઞાન વગેરે માર્ગોની જેમ જ કર્મ દ્વારા પણ ઈશ્વરની પ્રાપ્તિ, ઈશ્વરની આરાધના સંભવ છે. આ માર્ગે ચાલનારા વીરલા જ હોય છે. ગીતામાં ભગવાને અર્જૂનના માધ્યમથી લોકોને પ્રાપ્ત કર્મ છોડીને જંગલ કે હિમાલયની કંદરાઓમાં ચાલ્યા જવાની શીખ નથી આપી પણ અનાસક્તિપૂર્વક પ્રાપ્તકર્મમાં પ્રવૃત્ત થવાની શીખ આપી છે. ગીતામાં કર્મયોગ, કર્મબ્રહ્માર્પણયોગ અને કર્મસંન્યાસયોગ નામના ત્રીજા, ચોથા અને પાંચમા અધ્યાયમાં ભગવાને કર્મની મિમાંસા કરી છે. મનુષ્યની રચના જ એવા પ્રકારની છે કે તે ક્યારેય કર્મ કર્યા વગરનો રહી શકતો જ નથી. મને અને ઈન્દ્રિયોથી દોરવાઈને લોકો હજારો સારા-નરસા કર્મો કરે છે. મનથી સંયમ સાધીને જે અનાસક્તિપૂર્વક કર્મ કરે છે તે શ્રેષ્ઠ છે. કોઈપણ પ્રકારના કર્મ જ ન કરવા એ કરતાં તો કર્મ કરવું શ્રેષ્ઠ છે, કર્મમાં પણ અનાસક્તિયોગ દ્વારા જાહેરહિત માટે કરવામાં આવેલા કર્મો સૌથી શ્રેષ્ઠ છે. મોટા ભાગના માણસો પ્રકૃતિથી દોરવાઈને કર્મ કરે છે. કંઈક મેળવવા માટે કર્મ કરે છે, પ્રતિકાર માટે કરે છે, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મોહ,મદ, મત્સર અને અભિમાનથી પ્રેરાઈને કર્મો કરે છે. જે વ્યક્તિ મન ઉપર સંયમ સાધીને આ તમામ પ્રકારની વૃત્તિઓથી સંપૂર્ણ રીતે મુક્ત બની જાય છે તેને સંસારમાં કશું જ પ્રાપ્ત કરવાનું બાકી રહ્યું નથી. તેની તમામ ઈચ્છાઓ શમી ગઈ છે. કર્મ કરીને ન તો કશું મેળવવાનું છે કે ન તો કશું ગુમાવવાનું છે. આમ છતાં જે મનથી કર્તાભાવથી મુક્ત રહીને સાક્ષીભાવે જળકમળવત રહીને કર્મ કરે છે તે કર્મયોગ બની જાય છે. **શ્રેષ્ઠ ગણાતા લોકો જે જે પણ કર્મો કરે છે તેનું અન્ય લોકો પણ અનુસરણ કરે છે એટલે આવા લોકોએ સમાજને સદમાર્ગે દોરે તેવા શ્રેષ્ઠ કર્મો કરવા જોઈએ.**

અજ્ઞાનીજન આસક્તિપૂર્વક કર્મો કરે છે તેમ જ્ઞાનીજન અનાસક્તિપૂર્વક કર્મો કરે છે. પ્રકૃતિના ગુણધર્મોના પ્રેરાવાથી કર્મો થતાં હોવા છતાં પણ અજ્ઞાની પોતાને કર્તા માને છે જ્યારે જ્ઞાની કર્મો કરવા છતાં પણ તેનો સાક્ષી બનીને રહે છે અને પોતાને કર્તા માનતો નથી. પોતાના તમામ કર્મો ઈશ્વરને અર્પણ કરી દે છે ત્યારે એ કર્મો યજ્ઞ બની જાય છે. તે રાગદ્વેષ, ઈર્ષાભાવથી રહિત હોય છે અને કર્મના બંધનો તેને નડતાં નથી. ભગવાને આ રીતે કર્મ કરવા છતાં પણ કર્તાપણાની ભાવનાનો ત્યાગ કરીને કર્મત્યાગનો, કર્મફળના ભોગવટાથી મુક્ત રહેવાનો માર્ગ બતાવ્યો છે.

વ્યક્તિ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણની જેમ અનાસક્ત અને કર્તાભાવથી મુક્ત બનીને કર્મ કરે છે ત્યારે તેના આવા કર્મો અનેક લોકોને પ્રેરણા આપનારા બની રહે છે. કારણ કે તેનું મૂળ રાગદ્રેષ નથી. તેની વાણી પણ અપરાવાણી, આત્માની વાણી બની જાય છે અને અનેક લોકો પર તેનો પ્રભાવ પડે છે. તેનો પ્રત્યેક શબ્દ શબ્દબ્રહ્મ હોય છે. આવું જ જીવન મહાત્મા ગાંધીજીનું હતું.

ભારતમાં વિદેશથી આવેલા અંગ્રેજ આક્રાંતાઓએ પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું. સ્થાનિક પ્રજાનો આવાજ રુંધાતો હતો, સ્વતંત્રતા છીનવાઈ ગઈ હતી. તેવા કપરાકાળમાં મહાત્મા ગાંધીજીનો જન્મ થયો હતો. અંગ્રેજોની ચુંગાલમાંથી મુક્તિ મેળવી શકાય છે તેવી કોઈને કલ્પના પણ નહોતી ત્યારે ગાંધીજી દેશને આઝાદી આપવા માટે એકલા હાથે ચળવળ શરુ કરવાની વાતો કરતાં ત્યારે ઘણાંને તે પાગલ છે, ધૂની છે એવું પણ લાગતું હતું. પણ ગાંધીજીએ એ શક્ય કરી દેખાડ્યું! તેઓ સમાજમાં ભગવાનનું દર્શન કરતા અને આ સમાજની પ્રત્યેક સેવા એ એમના માટે ભગવાનની જ પૂજા હતી. પુષ્પો હતાં કર્મના. તેમને આ દ્વારા વ્યક્તિગત રીતે કોઈ જ લાભ પ્રાપ્ત કરવાનો નહોતો કે કશું પણ ગુમાવવાનું નહોતું. તેમના પ્રત્યેક કર્મો જાહેરહિતમાં હતાં અને ગીતામાં કહ્યાં મુજબના અનાસક્તિયોગ આધારીત હતાં. તેમના કર્મો પાછળ આત્માની, પરમાત્માની શક્તિ કાર્ય કરી રહી હતી.

ઘણાં પૂછે છે કે ગાંધીજીએ અહિંસાનો જ માર્ગ કેમ અપનાવ્યો? પણ તેમના પ્રત્યેક કર્મો તેમની પોતાની ઈચ્છાથી નહીં પણ ઈશ્વરની ઈચ્છાથી થતાં હતાં. જે કાર્યો દૈવી પ્રેરણાથી થાય છે તે મૌલિક હોય છે. ગતાનુગતિક કાર્યો હોતા નથી. ગાંધીજીએ પણ આવો જ માર્ગ અપનાવ્યો. કોઈને કલ્પનામાં પણ ન આવે તે અહિંસાત્મક રીતે પણ વિરોધ કરી શકાય છે ત્યારે ગાંધીજીએ અનશનનું શસ્ત્ર અજમાવ્યું એટલું જ નહીં પણ એ દ્વારા અંગ્રેજ સલ્તનતને હચમચાવી. ગાંધીજીના માત્ર એક જ વચન પર અનેક લોકો તેનું અનુસરણ કરતાં હતાં અને પોતાનું જીવન પણ દેશ માટે ન્યૌછાવર કરી દેતા હતાં. તેમના બોલમાં એવી તાકાત હતી. ગાંધીજી કહેતા કે **'સત્યની મારી પૂજા મને રાજકારણમાં ખેંચી ગઈ છે. મને આ પૃથ્વીના અશાશ્વત રાજ્યની કામના નથી. મારો પ્રયાસ તો ઈશ્વરના ધામમાં પહોંચવાનો એટલે કે મોક્ષ મેળવવાનો છે. એ મોક્ષ સ્વદેશની અને જગતની અવિરત, અવિશ્રાંત સેવા કરવાથી જ મળી શકે એવું મારું માનવું છે. હું જીવમાત્રની સાથે ઐક્ય, તન્મયત્ર સાધવા ઈચ્છુ છું. ગીતાની ભાષામાં કહું તો શત્રુ તેમજ મિત્ર બન્ને પ્રત્યે સમત્વની સ્થિતિ મારે કેળવવી છે.'** તેમના પ્રત્યેક કર્મમાં ભગવનની જ ભાવના કાર્ય કરી રહી હતી. આ અંગે તેઓ કહેતા કે **'ઘણાં વર્ષોથી જે પ્રમાણે મેં મારા મોટામાં મોટા કહેવાયાં છે તે અને નાનામાં નાના ગણાય તે કાર્યો કર્યાં છે, તે તપાસતાં તે અંતર્યામીના પ્રેર્યા થયાં છે એમ કહેવું મને અઘટિત નથી લાગ્યું. અંતર્યામીને મેં જોયો નથી, જાણ્યો નથી. જગતની ઈશ્વર વિષેની શ્રદ્ધને મેં મારી કરી લીધી છે. એ શ્રદ્ધા કોઈ રીતે ભૂસી શકાય તેમ નથી. તેથી, એને શ્રદ્ધારુપે ઓળખતો મટીને અનુભવરુપે જ ઓળખું છું.'**

ગાંધીજી ધારત તો દેશના વડાપ્રધાન બની શક્યાં હોત પણ તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી સત્તાથી દૂર જ રહ્યાં છે. ગાંધીજી બેરિસ્ટર હતા અને ધનાઢ્ય પરિવારમાંથી આવતાં હતાં. જો ધારત તો તેઓ એશોઆરામથી પોતાની જિંદગી વ્યતિત કરી શક્યા હોત પણ તેઓ સંપત્તિની લાલસાથી પણ સદા દૂર જ રહ્યા. આજના સમયમાં નેતાઓના નાના ઘરમાંથી બંગલા બની જાય છે, પોતાના સંતાનોને પણ આ ક્ષેત્રમાં લઈને આવે છે અને પેઢીઓ સુધી છોડતાં નથી. જ્યારે ગાંધીજી પોતાની સંપત્તિનો ત્યાગ કરીને જરુરિયાતથી વધારે કદી પણ સંગ્રહ કરતાં નહીં, દેશની સેવા માટે આખી જિંદગી સમર્પિત કરીને માત્ર એક પોતડી પહેરીને જ રહ્યાં. **આ પોતડી એ ત્યાગ ભાવનાની સર્વોચ્ચ પરાકાષ્ઠા છે. જો એક જ વસ્ત્રથી ચાલે છે તો બીજું વસ્ત્ર પહેરવાની પણ જરુર નથી.** આવા ત્યાગની ભાવના ક્યાં જોવા મળે છે?

વિશ્વના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાન મહાત્મા ગાંધીજીના આ પ્રકારના જીવનથી ખૂબ જ પ્રભાવિત થયાં હતાં. આઈન્સ્ટાઈને તેમના ૭૦માં જન્મ દિવસે ગાંધીજી વિશે જે વાક્ય કહ્યું હતું તે આજે વિશ્વ પ્રસિદ્ધ થઈ ગયું છેઃ 'આવનારી પેઢીઓ ભાગ્યે જ માની શકશે કે આવો કોઈ માણસ, આ પૃથ્વી પર ચાલ્યો હશે!' આજે ભગવાન રામ અને કૃષ્ણના જીવન વાંચીને લોકો કહે છે કે શું આ શક્ય છે? કૃષ્ણ ખરેખર થયા હશે ખરા? તેવી જ રીતે ગાંધીજીનું જીવન પણ એવું હતું કે ભવિષ્યમાં લોકોને વિશ્વાસ પણ નહીં થાય કે આવો પણ કોઈ માણસ આ ધરતી પર હોઈ શકે છે!

---


# જોઈએ છે

શાશ્વત સંદેશ માટે જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે તે વિશ્વના તમામ દેશો અને ગુજરાતના તમામ જિલ્લા તથા તાલુકા મથકોએ શાશ્વત સંદેશને વધુંને વધું લોકો સુધી નિઃશુલ્ક ફેલાવવામાં મદદરુપ થઈ શકે તેવા રાષ્ટ્રપ્રેમી પ્રતિનિધિઓની આવશ્યક્તા છે. તેમના નામ અને નંબર શાશ્વત સંદેશમાં પ્રકાશિત કરવામાં આવશે.

**સંપર્ક**

**શાશ્વત સંદેશ**

**મો. ૯૭૨૬૭ ૪૪૩૭૬**




Published by YOGESH KAVISHWAR at Shashwat Sandesh Office, Lapaliya Village, Taluka\Dist.-Amreli.
Pin - 365601
Owner, Publisher, Editor:- Yogesh Kavishwar
Email: admin@shashwatsandesh.com
website: www.shashwatsandesh.com